dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 196 | AD - 2025, Chaitra Vad-08 | Monday, Dt.21-04-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### ૧૦૦ લોકોનું રેસ્ક્યૂ કરાયું : શ્રીનગર હાઈવે બંધ

# જમ્મુ-કાશ્મીરમાં વાદળ ફાટ્યું : પૂર અને ભૂસ્ખલનના લીધે ૩ લોકોનાં મોત

નવી દિલ્હી, તા.૨૦

જમ્મુ અને કાશ્મીરમાં છેલ્લા ઘણા દિવસોથી વરસાદ પડી રહ્યો છે. રવિવારે સવારે રામબન જિલ્લાના સેરી બાગના વિસ્તારમાં વરસાદ પછી વાદળ ફાટવાથી ત્રણ લોકોનાં મોત થયા હતા. પોલીસે લગભગ ૧૦૦ લોકોને બચાવ્યા હતા. સૂત્રોએ જણાવ્યું હતું કે વાદળ ફાટવાના કારણે અચાનક પૂર આવ્યું હતું. પર્વત પરથી કાટમાળ ગામ તરફ આવ્યો, જે ઘણા ઘરમાં જતો રહ્યો છે, હાલમાં બચાવ કામગીરી ચાલુ છે. બીજી તરફ, રામબન જિલ્લાના બનિહાલ વિસ્તારમાં ઘણી જગ્યાએ ભૂસ્ખલનની ઘટનાઓ બની છે. આ કારણે જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ બંધ થઈ ગયો છે. સેંકડો વાહનો ફસાયેલા છે. કિશ્તવાર-પદ્દર રસ્તો પણ બંધ છે. અહીં વાહનોની અવરજવર બંધ કરી દેવામાં આવી છે. હવામાન સાફ થયા પછી જ અધિકારીઓએ હાઈવે પર મુસાફરી કરવાની અપીલ કરી છે. ભૂસ્ખલનના કેટલાક વીડિયો સામે આવ્યા છે, જેમાં પર્વત પરથી કાટમાળ પડતો જોઈ શકાય છે. કેટલાક વિસ્તારોમાં, પર્વતનો કાટમાળ રસ્તાઓ અને રહેણાંક વિસ્તારોમાં પહોંચી ગયો છે. એક વીડિયોમાં, ત્રણ-ચાર






ટેન્કર અને કેટલાક અન્ય વાહનો કાટમાળ નીચે સંપૂર્ણપણે દટાયેલા જોવા મળે છે. આ ઉપરાંત, હોટલ અને ઘરો પણ કાટમાળથી પ્રભાવિત થયા હોય તેવું લાગે છે. રામબન વિસ્તારમાં ભૂસ્ખલનના કાટમાળમાં વાહનો ફસાયા હતા. બનિહાલમાં વાદળ ફાટવાના કારણે કાટમાળ લોકોનાં ઘરોમાં ઘૂસી ગયો છે અને બનિહાલનું આખું ગામ ભૂસ્ખલનની ઝપેટમાં આવી ગયું છે. મોટા પાયે વિનાશ થયો છે. કિશ્તવાડ જિલ્લામાં ભૂસ્ખલનને કારણે રસ્તો બંધ થઈ ગયો હતો. રામબનમાં પોલીસ ચોકી પણ કાટમાળની ચપેટમાં આવી ગઈ હતી. કાટમાળ એટલી ઝડપથી રામબન પહોંચ્યો કે તે ભારત પેટ્રોલિયમના ટ્રકને પણ પોતાની સાથે લઈ ગયો. રામબનની સરકારી શાળા પણ કાટમાળ નીચે સંપૂર્ણપણે દટાઈ ગઈ હતી. રામબન વિસ્તારના ઘણા ગામડાઓમાં પહાડોમાંથી પાણીની સાથે કાટમાળ સતત આવી રહ્યો છે. રામબનમાં નદી કિનારે આવેલું ગામ સંપૂર્ણપણે નાશ પામ્યું હતું. રામબન નજીક ભૂસ્ખલનને કારણે કિશ્તવાર-પદ્દર રસ્તો બંધ થઈ ગયો હતો. રામબનમાં પાણી અને કાટમાળમાં ઘણા વાહનો તણાઈ ગયા હતા. ધરમકુંડમાંથી ૧૦૦ લોકોને બહાર કાઢવામાં આવ્યા છે. રામબન જિલ્લામાં ચેનાબ નદી પાસે આવેલા ધર્મકુંડ ગામમાં ભૂસ્ખલન થયું છે. ૧૦ ઘર સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થયા, ૨૫-૩૦ ઘરને પણ નુકસાન થયું છે. ધર્મકુંડ પોલીસે લગભગ ૯૦-૧૦૦ લોકોને સુરક્ષિત રીતે બચાવ્યા હતા. કેન્દ્રીય મંત્રી અને ઉધમપુરના ભાજપ સાંસદ ડૉ. જીતેન્દ્ર સિંહે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું કે રામબન અને આસપાસના વિસ્તારોમાં ઘણી જગ્યાએ ભારે કરા, ભારે પવન અને ભૂસ્ખલન થયું છે. તેમણે કહ્યું કે રાષ્ટ્રીય ધોરીમાર્ગ હાલમાં બંધ છે અને વહીવટીતંત્ર રાહત કાર્યમાં રોકાયેલું છે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે તેઓ ડેપ્યુટી કમિશનર બસીર-ઉલ-હક ચૌધરી સાથે સતત સંપર્કમાં છે. તેમણે બચાવ કામગીરી માટે જિલ્લા વહીવટીતંત્રની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે શક્ય તેટલી મદદ પૂરી પાડવામાં આવી રહી છે અને જો જરૂર પડશે તો તેઓ વ્યક્તિગત સંસાધનોથી પણ મદદ કરશે.

# રાહુલ ગાંધી અમેરિકાના પ્રવાસે, આજે બ્રાઉન યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરશે

નવીદિલ્હી,તા.૨૦

લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી શનિવારે અમેરિકા પહોંચ્યા હતા. તે રોડ આઈલેન્ડમાં બ્રાઉન યુનિવર્સિટીમાં એક કાર્યક્રમમાં હાજરી આપવા ગયા છે. બોસ્ટન લોગન ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઈન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસના સભ્યો દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ઓવરસીઝ કોંગ્રેસના પ્રમુખ સામ પિત્રોડાએ ખુદ રાહુલ ગાંધીને શુભેચ્છા પાઠવી હતી. કોંગ્રેસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એકસ પર આ માહિતી શેર કરી છે. પિત્રોડાએ રાહુલ ગાંધીને 'યુવાનો, લોકશાહી અને સારા ભવિષ્યનો અવાજ' ગણાવ્યા. તેમણે એકસ પર લખ્યું, 'રાહુલ ગાંધીનું અમેરિકામાં સ્વાગત છે!' ''ચાલો સાથે મળીને સાંભળીએ, શીખીએ અને સર્જન કરીએ.'' રાહુલ ગાંધી ૨૧ અને ૨૨ એપ્રિલના રોજ બ્રાઉન યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સાથે વાતચીત કરશે. તેઓ એનઆરઆઈ સમુદાયના સભ્યો, ઈન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસના પદાધિકારીઓ અને કાર્યકરોને પણ મળશે. કોંગ્રેસ નેતા પવન ખેરાએ આ મુલાકાતની જાહેરાત પહેલાથી જ કરી દીધી હતી. તેમણે કહ્યું હતું કે રાહુલ ગાંધી યુનિવર્સિટીમાં ભાષણ આપશે અને કેમ્પસમાં ચર્ચાઓમાં ભાગ લેશે.






# ઠાકરે બંધુઓ હાથ મિલાવે તો મહારાષ્ટ્રના રાજકારણમાં બદલાઈ જશે સમીકરણ

મુંબઈ,તા.૨૦



મહારાષ્ટ્રના રાજકારણમાં ફરી એકવાર ઠાકરે બંધુ ચર્ચામાં છે. શિવસેના ચીફ ઉદ્ધવ ઠાકરે અને તેના પિતરાઈ ભાઈ મહારાષ્ટ્ર નવનિર્માણ સેના ચીફ રાજ ઠાકરેની સાથે આવવાની ચર્ચા તેજ થઈ રહી છે. જોકે, આ સંભાવના નિવેદનબાજી પર આધારિત છે. ઠાકરે પરિવારનો વિવાદ ખતમ થઈ ગયો કે શું? તે વિષય પર પણ વિશ્લેષણો થઈ રહ્યા છે. બંને ભાઈના હાથ મિલાવવાની સંભાવના પાછળ કોઈ રાજકીય મજબૂરી છે કોઈ બીજું સમીકરણ છે જે બંનેને પોતાના મતભેદ ભૂલવા મજબૂર કરી રહ્યું છે તે વિશે અટકળો ચાલી રહી છે. હકીકતમાં, મહારાષ્ટ્રના રાજકારણમાં ઠાકરે પરિવારનો દબદબો માનવામાં આવે છે. ખાસ કરીને મુંબઈ અને મરાઠવાડાના શહેરી વિસ્તારોમાં તેમની પકડ આજે પણ મજબૂત માનવામાં આવે છે. ઠાકરે પરિવારના બંને ભાઈઓ ફરી એક થાય છે, તો ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએ સામેની તેમની લડાઈ માત્ર શક્તિની કસોટી જ નહીં પરંતુ ભવિષ્યના જોડાણો માટે પણ માર્ગ મોકળો કરશે. રાજ અને ઉદ્ધવ ઠાકરે વચ્ચે સંભવિત જોડાણની વાતો સાચી પડે છે કે નહીં તે આગામી દિવસોમાં સ્પષ્ટ થઈ જશે. જોકે, રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા છે કે આનાથી શિંદે અને મહાગઠબંધનના અન્ય નેતાઓ નારાજ થયા છે. હાલમાં, મહારાષ્ટ્રના રાજકારણમાં કોઈ પણ નેતા પોતાના હરીફોની પ્રવૃત્તિઓને અવગણી શકે નહીં. શિંદેની પ્રતિક્રિયાએ તેમની આંતરિક અશાંતિને છતી કરી છે, પરંતુ તે જોવાનું રસપ્રદ રહેશે કે તેની તેમના રાજકીય ભવિષ્ય પર શું અસર પડે છે.






# શેખ હસીનાની મુશ્કેલીઓમાં વધારો : બાંગ્લાદેશ પોલીસ ઈન્ટરપોલને રેડ કોર્નર નોટિસ જારી કરવા કરશે વિનંતી

ઢાકા,તા.૨૦



બાંગ્લાદેશ સરકાર હવે ભૂતપૂર્વ વડાપ્રધાન શેખ હસીના વિરુદ્ધ મોટી કાર્યવાહી કરવાની તૈયારી કરી રહી છે. આ રીતે, હસીનાની મુશ્કેલીઓ વધુ વધવાની છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, બાંગ્લાદેશ પોલીસે ઈન્ટરપોલને ૧૨ લોકો સામે રેડ કોર્નર નોટિસ જારી કરવા વિનંતી કરી છે અને નેશનલ સેન્ટ્રલ બ્યુરો ઓફ બાંગ્લાદેશ પોલીસ દ્વારા બહાર પાડવામાં આવેલી આ યાદીમાં ભૂતપૂર્વ પીએમ શેખ હસીનાનું નામ પણ સામેલ છે. બાંગ્લાદેશ પોલીસે ઈન્ટરપોલનો સંપર્ક કર્યો છે અને કહ્યું છે કે તેઓ હસીના વિરુદ્ધ રેડ કોર્નર નોટિસ જારી કરશે. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે આ અરજીઓ તપાસ દરમિયાન અથવા કોઈપણ ચાલુ કેસની કાર્યવાહીમાં ઉદ્ભવતા આરોપોના સંદર્ભમાં દાખલ કરવામાં આવે છે અને આ નોટિસનો ઉપયોગ ઈન્ટરપોલ દ્વારા વ્યક્તિની કામચલાઉ ધરપકડ માટે કરવામાં આવે છે જેથી ધરપકડ પછી તેનું પ્રત્યાર્પણ કરી શકાય. તમને જણાવી દઈએ કે ઈન્ટરપોલ એવા ભાગેડુઓને શોધવામાં મદદ કરે છે જેઓ પોતાનો દેશ છોડીને બીજા દેશમાં રહ્યા છે અને એકવાર ઈન્ટરપોલની મદદથી તેની પુષ્ટિ થઈ જાય, પછી આ માહિતી સંબંધિત અધિકારીઓ સાથે પણ શેર કરવામાં આવે છે અને પછી તે ભાગેડુ સામે કાર્યવાહી કરવામાં આવે છે અને તેનું પ્રત્યાર્પણ કરવામાં આવે છે.







સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી

સોમવાર, તા.૨૧-૦૪-૨૦૨૫

# અમરેલી તાલુકામાં છતાં પાણીએ લોકો તરસ્યા રહેવા બન્યા મજબૂર

**એક વર્ષ પહેલા રિપેરીંગ કામ કરાયું હોવા છતાં પરિસ્થિતિ જૈસે થે**



અમરેલી, તા.૨૦

અમરેલી તાલુકાનાં ખારાપાટ વિસ્તારમાં તળના પાણી પીવાલાયક નથી. જેને સરકાર દ્વારા મહિ પરિયોજના હેઠળ પીવાનું પાણી આપવામાં આવે છે. છેલ્લા ૭-૭ વર્ષથી ઈશ્વરીયા સુધારા યોજના હેઠળ ખારાપાટ વિસ્તારને અપાતું મહિનું પાણી પાઈપ લાઈનોના રિપેરીંગનાં અભાવે નદીઓની માફક વહી રહ્યું છે. જેનાં કારણે અમરેલી તાલુકાનાં મોટા ગોખરવાળા, નાના ગોખરવાળા, સોનારીયા, લાપાળીયા, ચાંદગઢ સહિતનાં ગામોનાં લોકો આ પીવાનાં પાણી માટે વલખાં મારી રહ્યા છે. અને ફરજિયાત તળનું ફ્લોરાઈડવાળું પાણી પીવા મજબૂર બન્યા છે. ગૃપ સુધારણા યોજના નીચે ગયા વર્ષે કામ પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. પરંતુ ભ્રષ્ટ એજન્સીઓ અને તંત્રની મીલીભગતથી ફક્ત એક વર્ષનાં જ ગાળામાં ફરી વખત પાઈપ લાઈનો લીકેજ થતાં પ્રજાનાં પૈસા પાણીમાં વહી રહ્યાં છે.

**પાણી લીકેજનાં કારણે ખેડૂતો વાવેતરથી વંચિત**

છેલ્લા ૭ વર્ષથી શેત્રુંજી નદીથી લઈ મોટા ગોખરવાળા સુધી બે કિલોમીટરનાં અંતરમાં લાઈન લીકેજનાં કારણે ૧૦૦ વિઘા જેવી જમીનમાં પાણી ભરાઈ રહે છે. જેથી ખેડૂતોને દર વર્ષે લાખો રૂપિયાની નુકસાની વેઠવાનો વારો આવ્યો છે અને ખેડૂતોને આર્થિક મુશ્કેલી ભોગવવી પડે છે.

# ધારી-કુબડા-ગોવિંદપુર-દલખાણીયા રોડના રિસર્ફેસિંગ કામનું ખાતમુહૂર્ત કરાયું


તસવીર : સંજય વાળા

ધારી, તા.૨૦

ધારી તાલુકાના ધારી-કુબડા-ગોવિંદપુર-દલખાણીયા રોડના રિસર્ફેસિંગ માટેનું કામ રૂ. ૫.૫૦ કરોડના ખર્ચે થનાર હોય તેનું ખાતમુહૂર્ત ધારી-બગસરાનાં ધારાસભ્ય જે.વી. કાકડીયા અને જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ તકે ધારી તાલુકા ભાજપ પ્રમુખ મૃગેશભાઈ કોટડીયા, તાલુકા પંચાયત પ્રમુખ ઘનશ્યામભાઈ હીરપરા, માજી ધારાસભ્ય મનસુખભાઈ ભુવા, ભુપતભાઈ વાળા, તા. પં. ઉપપ્રમુખ ભરતભાઈ અંટાળા, તાલુકા પંચાયત ન્યાય સમિતિ ચેરમેન ચતુરભાઈ સરવૈયા, બિચ્છુભાઈ વાળા, રમેશભાઈ વાઘેલા, પરેશભાઈ પટ્ટણી, પ્રીતેશભાઈ શિરોયા, રિસિકભાઈ કોટડીયા, હિંમતભાઈ દાફડા તેમજ આગેવાનો-કાર્યકરો હાજર રહ્યા હતા.

# લીલીયા તાલુકામાં કાયમી મામલતદારની નિમણૂંક કરવા વિપુલ દુધાતની મુખ્યમંત્રીને રજૂઆત



લીલીયા, તા.૨૦

અમરેલી જિલ્લા પંચાયતના સભ્ય વિપુલ મગનભાઈ દુધાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પત્ર લખીને લીલીયા તાલુકામાં કાયમી મામલતદારની નિમણૂંક કરવા વિનંતી કરી છે. પત્રમાં જણાવ્યા અનુસાર, લીલીયા તાલુકામાં ઘણા સમયથી મામલતદારની જગ્યા ખાલી હોવાથી સરકારી કામોમાં અડચણ આવે છે અને અન્ય તાલુકાના મામલતદારને ચાર્જ સોંપવાના કારણે સ્થાનિક લોકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. વિપુલભાઈ દુધાતે પત્રમાં વધુમાં જણાવ્યું છે કે છેલ્લા ચાર વર્ષમાં લીલીયા તાલુકામાં વયમર્યાદાના કારણે ૬ થી ૭ મામલતદારો નિવૃત્ત થયા છે અને મહેસૂલ વિભાગ દ્વારા જાણી જોઈને ટૂંકા સમયમાં નિવૃત્ત થનારા મામલતદારની નિમણૂંક કરવામાં આવે છે, જે લીલીયા તાલુકા સાથે અન્યાય સમાન છે. તેમણે લીલીયા તાલુકાના લોકોના હિતમાં લાંબી નોકરી બાકી હોય તેવા કર્તવ્યનિષ્ઠ અને કર્મનિષ્ઠ મામલતદારની તાત્કાલિક નિમણૂંક કરવા માંગણી કરી છે.

# વડીયા પુરવઠા મામલતદારની ટીમે ઈકો કારમાં લઈ જવાતો ગેરકાયદેસર અનાજનો જથ્થો ઝડપ્યો



વડીયા, તા.૨૦

સમગ્ર દેશમાં કોરોના કાળથી સસ્તા અનાજની દુકાનોમાં જરૂરિયાતમંદ ગરીબી રેખા નીચેના લોકોને મફતમાં અનાજનો જથ્થો સરકાર દ્વારા આપવામાં આવે છે. ત્યારે હાલ અનેક લોકો આ જથ્થો સસ્તા અનાજની દુકાનોમાંથી લઈને બહાર વેંચતા હોવાની સુત્રોમાંથી માહિતી સાંભળવા મળતી હોય છે. વડીયાના ઢોળવા નાકા વિસ્તારમાંથી ઈકો કારમાં ગેરકાયદેસર અનાજનો જથ્થો હોવાની બાતમી મળતા ત્યાં તપાસ કરતા ત્યાંથી પસાર થતી ઈકો કારને રોકાવતા કારમાંથી ઘઉં અને ચોખાનો જથ્થો મળી આવ્યો હતો. ઈન્ચાર્જ પુરવઠા મામલતદાર દ્વારા કારચાલક રફીક ભીખુભાઈ વાડુકડા પાસે તેનું બિલ માંગતા યોગ્ય બિલ મળ્યા ન હતા. અનાજનો જથ્થો જેમાં ૪૧૧ કિલો ઘઉં અને ૭૪ કિલો ચોખા અને વજનકાંટો સહિતનો માલસામાન તથા કાર મળી કુલ રૂા.૧,૮૭,૦૪૭,૮૦નાં મુદ્દામાલ સહિત કારચાલક રફીકને વડીયા પોલીસને સોંપી તેમની વિરુદ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

# સા.કુંડલા-અમરેલી રોડ પર બે સિંહો જોવા મળતા લોકોએ સિંહ દર્શનનો લાભ લીધો



સાવરકુંડલા, તા.૨૦

સાવરકુંડલા શહેરના અમરેલી રોડ પર આવેલ ગેઈટ પાસે પડતર જગ્યામાં સાવરકુંડલા-અમરેલી હાઈવે રોડ પર બે નર સિંહો બેઠા હતા. જેના પર લોકોની નજર પડતા એક કલાક જેટલાં સમય સુધી સિંહોને નિહાળ્યા હતા. હાઈવે પરથી પસાર થતાં વાહનો અને રાહદારીઓએ પણ પોતાના વાહનો ઉભા રાખીને ધોળા દિવસે સાવરકુંડલા શહેરમાં જ આ સિંહોને નિહાળ્યા હતા.

# ધારીનાં આંબરડી ગામે દર્શને આવેલા આધેડ અચાનક ગુમ



ધારી, તા.૨૦

અંજાર ગામના વતની જેરામભાઈ લખમસીભાઈ પરડવા તા. ૮/૪/૨૦૨૫ના રોજ ધારી તાલુકાના આંબરડી ગામે આવેલ તેમના સુરાપુરાના દર્શને આંબરડી આવ્યા હતા. ત્યારબાદ જેરામભાઈ ગુમ થયા છે. આ વાતની જાણ તેમના પરિવારજનોને થતા તાત્કાલિક ધારી પોલીસ સ્ટેશન ખાતે અરજી કરેલ છે. આ ઘટનાને લઈ તેમના પુત્ર વિજયભાઈએ વાતચીતમાં જણાવ્યું હતું કે કોઈપણ વ્યક્તિ જેરામભાઈ વિશે કોઈ સમાચાર અથવા ખબર આપશે તો યોગ્ય બદલો આપવામાં આવશે. વિજયભાઈ પરડવાનો મો. નં. ૯૭૨૭૬૧૦૦૩૧ પર સંપર્ક કરવો.

# અમરેલી ખાતે તા.૨૩ના રોજ ઓમ શ્રી સિદ્ધ કાળભૈરવ દાદાનો નવરંગ માંડવો યોજાશે

અમરેલી, તા.૨૦

ભૈરવ ગૃપ દ્વારા આયોજીત આગામી તા. ૨૩-૪ થી ૨૭-૪-૨૦૨૫ દરમિયાન ઓમ શ્રી સિદ્ધ કાળભૈરવ દાદાનો ૧૨ કલાકનો ભવ્ય નવરંગ માંડવો લીલીયા બાયપાસ રોકડીયા પરા, કાળભૈરવ દાદાની ડેરી, અમરેલી ખાતે યોજાશે. જેમાં ૨૩/૪/૨૦૨૫ને બુધવારના રોજ રાત્રે ૯:૦૦ કલાકે માંડવો શરૂ થશે અને સાંજે ૦૬:૦૦થી ૦૯:૦૦ કલાકે ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. માંડવામાં સુપ્રસિદ્ધ રાવળદેવ મહેશભાઈ (નિંગાળાવાળા) ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત પંચના ભુવામાં લાલજીભાઈ ભગત, રમેશભાઈ મકવાણા, ચંદુભાઈ જીજુંવાડીયા, જેરામભાઈ થળેસા, કમલેશભાઈ મકવાણા, પ્રવિણભાઈ, અરજણભાઈ થળેસા, અમરૂભાઈ વાળા, નાજાભાઈ શેલાણા, મનસુખભાઈ ચૌહાણ, પારસભાઈ ગોસ્વામી, શંભુભાઈ ભગત (પંચદેવ મંદિર) સહિતના ભુવાઓ હાજર રહેશે તથા સંતો-મહંતોમાં નારાયણદાસ બાપુ, રસીકગીરી બાપુ, ભીખુગીરી બાપુ નાગવાડી આશ્રમ, આઈ ભગવતી મા મોગલધામ આશ્રમ(અમરેલી) ઉપસ્થિત રહેશે.

# ધારી પી.જી.વી.સી.એલ. કચેરી દ્વારા જીરો ડેબિટ ટાર્ગેટ પૂર્ણ કરવા બદલ સત્કાર સમારંભ યોજાયો


તસવીર : સંજય વાળા

ધારી, તા.૨૦

ધારી પી.જી.વી.સી.એલ. કચેરી-૧ છેલ્લાં આઠ વર્ષથી તેમજ ધારી પી.જી.વી.સી.એલ. કચેરી-૨ એ છેલ્લા ચાર વર્ષથી ઝીરો એરયર્સનો ટાર્ગેટ પૂર્ણ કરેલ હોય જેથી કર્મચારીઓનો ઉત્સાહ વધારવા તેમને સન્માનિત કરવા માટે કોર્પોરેટ કચેરીમાંથી જી.એમ. ફાઈનાન્સ મલકાણ ઉપસ્થિત રહેલ હતા. આ કાર્યક્રમનું આયોજન અર્જુન રિસોર્ટ ખાતે કરવામાં આવ્યુ હતું અને કર્મચારીઓને સન્માનિત કરી વધુ સારી કામગીરી કરવા માર્ગદર્શન પુરૂ પાડવામાં આવેલું હતું. આ તકે વર્તુળ કચેરીમાંથી પરીખ તેમજ તમામ સેકશનોના સેકશન હેડ ઉપસ્થિત રહેલ હતા. સમગ્ર કાર્યક્રમ નાયબ ઈજનેર સાંગાણી તેમજ વાળાની આગેવાનીમાં કરવામાં આવેલ હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા વનરાજભાઈ મકવાણા, ડી.જે. પરમાર તેમજ બંને કચેરીના તમામ સ્ટાફે ખુબ જ સારી જહેમત ઉઠાવેલ અને કાર્યક્રમને સફળ બનાવેલ હતો.

# જિલ્લા કલેક્ટરના અધ્યક્ષ સ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિ બેઠક યોજાઈ

અમરેલી તા.૨૦

અમરેલી જિલ્લા કલેક્ટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને અને સાવરકુંડલા-લીલીયા મતવિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા તેમજ ધારી-બગસરા-ખાંભા મતવિસ્તારના ધારાસભ્ય જે.વી. કાકડીયાની પ્રેરક ઉપસ્થિતિમાં જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં, જનપ્રતિનિધિઓએ ગ્રામ્ય અને શહેરી વિસ્તારના આંતરિક અને અન્ય રસ્તાઓ સાથે જોડતાં રસ્તાઓ, સિંચાઈ, વીજળી, વિવિધ દસ્તાવેજોમાં અરજદારોના નામ સુધારણા, પાણી, જમીન માપણી અને જમીન સંપાદન સહિત પ્રજાલક્ષી પ્રશ્નોની રજૂઆત કરી હતી. જિલ્લા કલેક્ટર અજય દહિયાએ, નાગરિકોના પ્રશ્નોનું હકારાત્મક નિરાકરણ આવે તે માટે સંબંધિત કચેરીઓના વડાઓને સંકલન કરવા અને ઘટતું કરવા સૂચના આપી હતી. સીએમડીના પ્રશ્નો અને રજૂઆતોનો નિકાલ નિયત સમયમર્યાદામાં કરવા, તપાસણીને લગતી બેઠક અને રિવ્યૂ કામગીરી સમયાંતરે અને એટીવીટીના કાર્યોની સમીક્ષા કરવામાં આવે, મંજૂરી મળી હોય અને બાકી રહ્યા હોય તેવા વિકાસ કાર્યો હાથ ધરવામાં આવે તે બાબતે જિલ્લા કલેક્ટરે દિશાનિર્દેશો આપ્યા હતા. બેઠક સંચાલન નિવાસી અધિક કલેક્ટર દિલિપસિંહ ગોહિલે કર્યુ હતું.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ– બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેક્ટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શાયુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ | શ્રેષ્ઠ ગ્રાહક સેવા | ગુણવતાયુકત કામ | પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

## સુખનાથ મંદિર ચોક યુવક મંડળ અને ચંદુભાઈ સંઘાણી મિત્ર મંડળ દ્વારા

# અમરેલીનાં આંગણે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન

અમરેલી, તા.૨૦

અમરેલીનાં આંગણે આગામી તા.૨૮નાં રોજથી સુખનાથ મંદિર ચોક યુવક મંડળ દ્વારા શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ ભાગવત સપ્તાહ સુખનાથપરા, લીલીયા રોડ, દિલીપભાઈ સંઘાણીનાં ઘર પાસે યોજાશે. તા.૨૮નાં રોજ બપોરનાં ૩:૩૦ કલાકે પોથીયાત્રા નીકળશે. તા.૨૯ના રોજ સાંજના ૭ કલાકે કપીલ પ્રાગટ્ય મહોત્સવ, તા.૩૦નાં રોજ સાંજના ૭ કલાકે નૃસિંહ પ્રાગટ્ય મહોત્સવ, તા.૦૧નાં રોજ બપોરનાં ૪:૩૦ કલાકે શ્રીરામ પ્રાગટ્ય મહોત્સવ, સાંજના ૭:૦૦ કલાકે કૃષ્ણ પ્રાગટ્ય મહોત્સવ, તા.૦૨નાં રોજ સાંજના ૭:૦૦ કલાકે ગોવર્ધન અને અન્નકૂટનાં દર્શન, તા.૦૩નાં રોજ રૂક્ષ્મણી વિવાહ, તા.૦૪નાં રોજ સાંજનાં ૬ કલાકે સુદામા ચરિત્ર, પરિક્ષિત મોક્ષ અને તે જ દિવસે કથા વિરામ થશે. કથાશ્રવણનો સમય બપોરે





૩ થી ૭ નો રાખવામાં આવ્યો છે. કથા દરમિયાન રાત્રિનાં સમયે તા.૨૮નાં રોજ માયાભાઈ આહિરનો લોકડાયરો, તા.૨૯નાં રોજ તોરણીયાના રામામંડળનો કાર્યક્રમ યોજાશે. તા.૦૧નાં રોજ અરવિંદ બારોટ, સુખદેવ ધામેલીયા અને હાજી રમકડુંનો લોકડાયરો, તા.૦૨નાં રોજ રાજભા ગઢવીનો લોકડાયરો યોજાશે. કૌશિકભાઈ એમ.જોષી (કોલડાવાળા) આ કથાનું રસપાન કરાવશે. કથા દરમિયાન ચલાલા દાનમહારાજની જગ્યાનાં પૂ. વલકુબાપુ, આપાગીગાની જગ્યાનાં પૂ.વિજયબાપુ, વિહળધામ પાળિયાદનાં ૧૦૦૮ મહામંડલેશ્વર પૂ.નિર્મળાબા, ફતેપુર ભોજાભગતની જગ્યાનાં ભક્તિરામબાપુ, માનવમંદિરનાં પૂ.ભક્તિરામબાપુ હાજર રહી આશીર્વચન પાઠવશે. આ ભાગવત સપ્તાહનું રસપાન કરવા સુખનાથ મંદિર ચોક યુવક મંડળ અને ચંદુભાઈ સંઘાણી મિત્રમંડળ દ્વારા ભાવિકોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

**તા.૨૮ એપ્રિલથી ભાગવત સપ્તાહનો પ્રારંભ, કથા દરમિયાન રાત્રિના લોકડાયરો સહિત ધાર્મિક કાર્યક્રમો**

## ચલાલામાં સંસ્થા દ્વારા વિનામૂલ્યે છાશ વિતરણ કેન્દ્રોનો શુભારંભ



ચલાલા, તા.૨૦

ચલાલામાં સેવાભાવી સંસ્થા નાગરદાસ દોશી સ્મારક નિધિ ટ્રસ્ટ અને દાતાઓના સહયોગથી છાશ વિતરણ કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે. સંસ્થાના મહેશભાઈ કુંડળ દ્વારા સવારથી પટેલવાડી, જૈન વાડી, હુડકો નં.૨ અને ગાયત્રી નગરમાં આ કેન્દ્રોનો શુભારંભ કરવામાં આવ્યો હતો. અંદાજે ત્રણસો જેટલા જરૂરિયાતમંદ પરિવારો આ વિનામૂલ્યે છાશનો લાભ લઈ રહ્યા છે.

## અમરેલીમાં જિલ્લા ભાજપ દ્વારા "બૌદ્ધિક સંમેલન" કાર્યક્રમ યોજાયો

અમરેલી, તા.૨૦

અમરેલીમાં જિલ્લા ભાજપ દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતી નિમિત્તે ૧૫ એપ્રિલથી ૨૫ એપ્રિલ સુધી જિલ્લા સ્તરીય બૌદ્ધિક સંમેલન યોજાવામાં આવેલ છે. જેમાં પ્રદેશ ભાજપ તરફથી વિવિધ વક્તાઓ દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકરજીના જીવન અને બંધારણ પ્રત્યે



આદર્શ દર્શાવ્યા છે તેની ચર્ચા કરી હતી. આ તકે પ્રદેશ ભાજપ તરફથી વક્તા તરીકે બ્રિજરાજસિહ ઝાલા તેમજ અનિરુદ્ધભાઈ પઢીયારે ઉપસ્થિત કાર્યકર્તાઓને માર્ગદર્શન આપેલ. આ તકે જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસીયા, પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાના મંત્રી મયુરભાઈ માંજરીયા, કાર્યક્રમના ઈન્ચાર્જ મનોજભાઈ મહીડા, સહ ઈન્ચાર્જ સાગરભાઈ સરવૈયા, સંદીપભાઈ સોલંકી, અનુ. જાતિ મોરચાના પ્રમુખ કેશુભાઈ વાઘેલા તથા જિલ્લાના હોદ્દેદારો, આગેવાનો, કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## સાવરકુંડલાના વંડા ગામે પ્રથમ વાર કોળી ઠાકોર સમાજનું મહાસંમેલન યોજાયું



સાવરકુંડલા, તા.૨૦

સાવરકુંડલાની પી. પી.એસ. હાઈસ્કૂલ વંડા ખાતે પ્રથમવાર કોળી ઠાકોર સમાજના મહાસંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો મુખ્ય હેતુ કોળી ઠાકોર સમાજની સામાજિક એકતા, વાસ્તવિક જાગૃતિ તથા ઓ. બી.સી. વર્ગીકરણ માટે જાગૃતિનો હતો. આ તકે ચિરાગભાઈ ઝાલા, કોળી સમાજ એકતા સમિતિના અધ્યક્ષ, જયેશભાઈ ઠાકોર, ઠાકોર કોળી સેનાના અધ્યક્ષ, રાકેશભાઈ, વલ્લભભાઈ ઝીંઝુવાડીયા, જગદીશભાઈ ઠાકોર, હસુભાઈ બાવડા, વીપુલભાઈ ફિલ્મી કલાકારો તેમજ નોઘણજી ઠાકોર સમાજના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ગજેરા સંકુલની એમ.કોમ. મહિલા કોલેજની ૭ વિદ્યાર્થિનીઓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ટોપ ટેનમાં

અમરેલી, તા.૨૦



અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત એમ.કોમ.માં અભ્યાસ કરતી મહિલા કોલેજની ૬ વિદ્યાર્થિનીઓએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના એમ.કોમ. વર્ષ ૨૦૨૩-૨૪ના પરિણામમાં ટોપ ટેનમાં સ્થાન પ્રાપ્ત કરીને કોલેજનું નામ રોશન કર્યું છે. ચોથાણી સુરભીએ ૮૬.૫૫% સાથે યુનિવર્સિટીમાં બીજો ક્રમ મેળવ્યો છે, જ્યારે બસીયા વૈદેહી ૮૬.૪૫% સાથે ત્રીજા અને અકબરી જેનીશા ૮૬.૩૫% સાથે ચોથા ક્રમે રહી છે. અન્ય રેન્કર્સમાં મોરી પ્રિનલ (સાતમો ક્રમ, ૮૫.૫૦%), ચકરાણી કૃપાલી (આઠમો ક્રમ, ૮૫.૪૦%) અને પરમાર ઉર્વશી (દસમો ક્રમ, ૮૪.૪૦%)નો સમાવેશ થાય છે. સંકુલ પરિવારે આ અસાધારણ સિદ્ધિ બદલ તમામ વિદ્યાર્થિનીઓ અને રેન્કર્સને અભિનંદન પાઠવ્યા છે.

## જાફરાબાદમાં પોષણ પખવાડિયાની અનોખી રીતે ઉજવણી કરાઈ

અમરેલી, તા.૨૦

અમરેલી જિલ્લાના જાફરાબાદમાં પોષણ પખવાડિયા-૨૦૨૫ની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી. અહીં કિશોરીઓએ ધાન્ય, કઠોળ અને શાકભાજી જેવા પૌષ્ટિક આહારનો ઉપયોગ કરીને સુંદર 'પોષણ'ની રંગોળી બનાવી હતી અને પોષણનું મહત્વ સમજાવવાનો પ્રયાસ



કર્યો હતો. જાફરાબાદ આઈ.સી.ડી.એસ.ના નેજા હેઠળ પોષણ પખવાડિયા-૨૦૨૫ની થીમ અનુસાર કિશોરીઓએ સ્થાનિક ધાન્ય પાકોનો ઉપયોગ કરીને 'પોષણ' શબ્દની આકર્ષક રંગોળી બનાવી હતી. આ ઉપરાંત, સ્થાનિક ધાન્ય પાકો જેવા કે બાજરાથી મળતા પોષણ અને અન્ય ધાન્યોથી થતા આરોગ્યપ્રદ ફાયદાઓ વિશે પણ માહિતી આપવામાં આવી હતી. આ ઉજવણી આઈ.સી.ડી.એસ. ઘટક જાફરાબાદના ઈન્ચાર્જ સી.ડી.પી.ઓ. રેખાબેન એન.ગોહિલ, મુખ્ય સેવિકાઓ, એન.એન.એમ. સ્ટાફે માર્ગદર્શન પુરૂં પાડ્યું હતું.




## અવસાન નોંધ

**સાવરકુંડલા**

સોરઠીયા શ્રીગૌડ માલવિયા બ્રાહ્મણ સાગરભાઈ જીતેન્દ્રકુમાર ભટ્ટ (ઉ.વ.૩૭) તે જીતેન્દ્રકુમાર જયંતિલાલ ભટ્ટના સુપુત્ર, ભૂમિબેન સચિનકુમાર દવે (માણેકવાડા)ના ભાઈ, ધોરાજી નિવાસી સ્વ. મગનલાલ ભાનુશંકર પુરોહિતના દોહિત્રનું તા.૧૮/૪/૨૫ ને શુક્રવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્ગતનું ઉઠમણું તેમજ મોસાળ પક્ષની સાદડી તા.૨૧/૪/૨૫ ને સોમવારના રોજ ૪ થી ૬ કલાકે બ્રહ્મપુરી કાણકિયા કોલેજ સામે, સાવરકુંડલા ખાતે રાખેલ છે .

**બગસરા**

લોહાણા સ્વ. નટવરલાલ નાનજીભાઈ નાગ્રેચાના ધર્મપત્ની ચંપાબેન નટવરલાલ નાગ્રેચા (ઉ.વ. ૮૯) નું તા.૧૯/૦૪/૨૦૨૫ને શનિવારના રોજ અવસાન થયેલ છે. તે અરવિંદભાઈ નાનજીભાઈ નાગ્રેચાના ભાભી થાય તેમજ હરેશભાઇના માતુશ્રી થાય તેમજ અભિષેકના દાદી થાય. સદગતનું ઉઠમણું / બેસણું તા.૨૧/૦૪/૨૦૨૫ને સોમવારના રોજ ૪ થી ૬ બગસરા લોહાણા મહાજન વાડી, અમરેલી રોડ ખાતે રાખેલ છે.

## જિલ્લા પંચાયત આયુર્વેદ શાખા દ્વારા આંગણવાડી કેન્દ્રોમાં યોગ વિષયક માર્ગદર્શન આપવામાં આવ્યું

અમરેલી તા.૨૦

રાજ્ય સરકાર દ્વારા 'પોષણ અભિયાન પખાવાડિયા'ની ઉજવણી શરુ છે. આ ઉજવણીના ભાગરુપે અમરેલી જિલ્લામાં અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે.



આ શ્રેણીમાં અમરેલી જિલ્લા પંચાયતની આયુર્વેદ શાખા દ્વારા અમરેલી જિલ્લાના વિવિધ ગામમાં સંચાલિત આંગણવાડીમાં યોગ વિષયક માર્ગદર્શન તેમજ આરોગ્ય તપાસણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકોના સર્વાંગી પોષણ હેતુથી યોગ વિષયક માર્ગદર્શન દ્વારા જિલ્લાના સરસિયા, અનીડા અને જામ બરવાળામાં વિવિધ કાર્યક્રમ યોજાયા હતા. આ કાર્યક્રમમાં યોગાસન અને યોગાસન થકી થતાં ફાયદા વિશે સમજ આપવામાં આવી હતી.

**નિત્યા સ્કીન ક્લિનીક**
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર

ઉપલબ્ધ સારવાર
- ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
- વાળ તથા નખને લગતા રોગોની સારવાર
- એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
- અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
- Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
- Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
- Botox, Filler, Thread Lift
- Hair Transplantation

**ડો. જુહી ઠક્કર**
M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

**રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ**

ઉપલબ્ધ સારવાર
- જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીંચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
- દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy)
- સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
- ગંભીર ફ્રેક્ચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર
- કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
- રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov)
- અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
- બે કલાસ 100 મોડયુલર ઓપરેશન થીયેટર

**ડો. પ્રતિક પ્રજાપતિ**
M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

**તંત્રી લેખ**

# સૌરાષ્ટ્રના નાના નગરોનો ઔદ્યોગિક વિકાસ જરૂરી

વાઈબ્રન્ટ ગુજરાતમાં સૌરાષ્ટ્રમાં નાના નગરો ઔદ્યોગિક વિકાસથી વંચિત છે. તાલુકા કક્ષાના નાના નગરોમાં પણ નાના અને મધ્યમ કક્ષાના ઉદ્યોગો શરૂ થાય તે જરૂરી છે. નાના અને મધ્યમ કક્ષાના ઉદ્યોગોને કારણે સૌરાષ્ટ્રના ઓછા વિકસિત એવા જિલ્લા કક્ષાના જેવા કે અમરેલી, બોટાદ, સુરેન્દ્રનગર જેવા શહેરોનો વિકાસ થશે. આ ઉપરાંત તાલુકા કક્ષાના નગરોમાં મોટા ઉદ્યોગો નથી એટલે મોટા ઉદ્યોગો માટે અવકાશ ન હોય પરંતુ નાના અને મધ્યમ કક્ષાના ઉદ્યોગો અહીં સ્થાપવામાં આવે તે જરૂરી છે. વડાપ્રધાન મોદીની આગેવાની નીચે ગુજરાતનો જબરજસ્ત વિકાસ થયો, ગુજરાત વાઈબ્રન્ટ બન્યું તે આપણા સૌ માટે ગૌરવની વાત છે. મહત્વની વસ્તુ એ છે કે ઉત્તર ગુજરાતના મહેસાણા, કડી, કલોલ, અંકલેશ્વર, બરોડા, અમદાવાદ થી માંડી સુરતના વાપી સુધીમાં ઉદ્યોગોનો માની ન શકાય તેટલો જબરો વિકાસ થયો છે તે આનંદની વાત છે પરંતુ વધતા જતા ઉદ્યોગોને કારણે અહીં પર્યાવરણના તથા અન્ય પ્રશ્નો પણ ઊભા થયા છે. આથી હવે પછી જે નવા ઉદ્યોગ સ્થાપિત કરવામાં આવે તે ઈકો ફ્રેન્ડલી હોવા જોઈએ અને તે સૌરાષ્ટ્રના નાના સેન્ટરોમાં આવવા જોઈએ જો કે ધોલેરા સર મોટુ ઔદ્યોગિક મથક બનશે એ સારી વસ્તુ છે પરંતુ બીજા અન્ય નાના સેન્ટરોનો પણ વિકાસ થાય એ પણ એટલી જ મહત્વની વસ્તુ છે. અમદાવાદ, બરોડા થી માંડી અંકલેશ્વર અને વાપી સુધીના વિસ્તારમાં એકબાજુ જબરજસ્ત ઔદ્યોગિક વિકાસ અને બીજી બાજુ સૌરાષ્ટ્રના નાના શહેરોમાં ઔદ્યોગિક પછાતપણું ગુજરાતના ઉદ્યોગોની અસંતુલિત દશા બતાવે છે. દાખલા તરીકે સુરેન્દ્રનગર, અમરેલી, જૂનાગઢ, પોરબંદર જેવા નાના શહેરોમાં જે ઉદ્યોગો છે તે દાયકાઓથી ચાલે છે અહીં નવા ઉદ્યોગો આવતા નથી. ભાવનગરની અંદર છ દાયકા પહેલા જેટલા મોટા ઉદ્યોગો હતા તેમાંથી મોટાભાગના બંધ પડ્યા છે બીજીબાજુ સીએનજી ટર્મિનલ કલ્પસર, અણુ ઉર્જા મથક જેવા જંગી પ્રોજેક્ટ હજી પાઈપ લાઈનમાં છે! સૌરાષ્ટ્રમાં રાજકોટનો જબરજસ્ત ઔદ્યોગિક વિકાસ થયો છે. જામનગર પણ તેની રિફાઈનરીઓ, બ્રાસ પાટ્ર્સ અને તાળા ઉદ્યોગથી વિખ્યાત છે. અમરેલીમાં પણ મોટા કહી શકાય તેવા ઉદ્યોગો નથી. અમરેલીમાં ઔદ્યોગિક વિકાસ માટે સારી શક્યતાઓ છે. આ જિલ્લાને દરિયા કિનારાનો લાભ મળ્યો છે. અહીં પીપાવાવ પોર્ટ મોટું બંદર છે. આ ઉપરાંત અહી એગ્રો ઈન્ડસ્ટ્રીઝ તથા ખેતી આધારિત અન્ય ઉદ્યોગો પણ વિકસી શકે તેમ છે. મોલ્ડેડ સિમેન્ટ તથા સિરામિક ઉદ્યોગો માટે સારી તક છે. હવે ભાવનગરના ઔદ્યોગિક વિકાસની વાત કરીએ તો આ માટે એવિએશન પાટ્ર્સથી માંડી રમકડાં અને કન્ઝ્યુમર પ્રોડક્ટનું ઉત્પાદન કરવાની મોટી તક છે. ભાવનગરના કુશળ કારીગરો ઓટો મોબાઈલ પાટ્ર્સ બનાવી શકે તેમ છે જે ભાવનગરના કારીગરોની અને ટેકનિશયનોની કુશળતા બતાવે છે. ઉદ્યોગોમાં કામ કરવાવાળો મેનપાવર પણ હોવો જરૂરી છે અને તે કુશળ હોવો જોઈએ. આથી ભાવનગરમાં એરોસ્પેસ ઈન્ડસ્ટ્રીઝ માટે ક્રિટિકલ પાટ્ર્સના ઉત્પાદનો થઈ શકે તેમ છે. મેક ઈન ઈન્ડિયાને પ્રાધાન્ય આપવાના ભાગરૂપે વૈશ્વિક કંપનીઓ ભારત તરફ વધુને વધુ ફોકસ ધરાવી રહી છે. વૈશ્વિક સ્તરે વેપાર વાતાવરણ બદલાવા લાગ્યું છે. આ ઉપરાંત તાજેતરમાં જોવા મળી રહેલ ટ્રેડવોરના કારણે વૈશ્વિક વેપારમાં ભારત અગ્રસ્થાને આવી શકે છે. ભારતમાં આવા પાટ્ર્સથી લઈ રમકડાં અને કન્ઝ્યુમર પ્રોડક્ટની નિકાસ કરવાની મોટી તક છે અને વિદેશી કંપનીઓ આ ક્ષેત્રે નવા સહયોગ કરી રહી છે. સ્પર્ધાત્મક પ્રોડક્ટ ઓફર કરી શકશે એવી સંભાવનાઓને ધ્યાનમાં લઈ વૈશ્વિક કંપનીઓ ભારતમાં એસેમ્બલી લાઈનો સ્થાપવા તરફ વળી છે. એવિએશન પાટ્ર્સ, રમકડાં, કન્ઝ્યુમર ગુડઝ, હોમ એપ્લાયન્સિસ સહિત સ્માર્ટફોન અને લેપટોપ/પર્સનલ કોમ્પ્યુટરનાં નાના ભાગો અહી બની શકે તેમ છે. આવી ઈકો ફ્રેન્ડલી ઈન્ડસ્ટ્રીઝ સૌરાષ્ટ્રના શહેરોમાં શરૂ કરવામાં આવે તે અત્યંત જરૂરી છે. ચીન અને અમેરિકા વચ્ચેના ટેરિફ યુદ્ધથી ભારતને ફાયદો થઈ શકે છે. ચીનમાંથી વિવિધ પ્રોડ્કટના ઉત્પાદનને ભારત જેવા દેશમાં ખસેડવા માટે યુરોપ અને અમેરિકાની કંપનીઓ વિચારી રહી છે. આમાં ગ્રાહકોને સ્પર્શતી અનેક પ્રોડક્ટનો સમાવેશ થાય છે. ભારતમાંથી રમકડાંની નિકાસમાં પણ વેગ આવ્યો છે અને તેને ધ્યાનમાં લઈને કર્ણાટકમાં ૪૦૦ એકરમાં કોપલ ટોય ક્લસ્ટર ડેવલપ કરાયું છે. રાજકોટમાં રમકડા બનાવવાના એકમો છે. ઘડિયાળના ડાયલ કેસ ત્યાં બને છે. અમરેલી, પાલીતાણા, સાવરકુંડલા, બોટાદ જેવા નાના સેન્ટરોમાં પણ આવા અનેક ઉદ્યોગો માટે અવકાશ છે જ્યારે વૈશ્વિક કંપનીઓ ભારતમાં એસેમ્બલી લાઈન સ્થાપવા આતુર છે.

# સ્પર્ધાત્મક પરીક્ષા માટે ગણિતનું માર્ગદર્શન

**સમય, ઝડપ અને અંતર**

**નમસ્કાર મિત્રો,**

આજે આપણે એક સરળ અને મજાના પ્રકરણ ‘ઝડપ, અંતર અને સમય’ (Speed, distance and time) વિશે જોઈશું. આ પ્રકરણ પણ વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓના અભ્યાસક્રમમાં સામેલ છે. તલાટી કમ મંત્રી, GPSC- વર્ગ-૧-૨, PI, DySO, નાયબ મામલતદાર, STI વર્ગ-૩ વગેરે પરીક્ષામાં આ પ્રકરણના પ્રશ્નો પૂછાયેલા છે. ઝડપ, સમય અને અંતર વચ્ચેનો સંબંધ આપણે સરાસરી પ્રકરણમાં સરેરાશ ઝડપમાં જોયેલો છે. એટલે કે આપણે ત્રણે રાશિઓના સૂત્રાત્મક સંબંધથી જ્ઞાત છીએ.

હવે આપણે પ્રકરણનો વિગતવાર ઉદાહરણ સાથે અભ્યાસ કરીએ.

**સમજો અને યાદ રાખો**

● જ્યારે કોઈ પદાર્થ, વાહન કે વ્યક્તિ એક સ્થાનેથી બીજા સ્થાન સુધી ગતિ કરે છે ત્યારે તેમની સાથે ઝડપ, અંતર અને સમય આ ત્રણે રાશિઓ સંકળાયેલી છે. ત્રણે પદો સમજવા સરળ છે.

● ઝડપ અને સમય એકબીજાના વ્યસ્ત પ્રમાણમાં છે. એટલે કે જેમ ઝડપ વધારે તેમ નિયત સ્થાને પહોંચતા લાગતો સમય ઓછો. આથી ઉલટું પણ સત્ય છે.

● ઝડપ અને અંતર એકબીજાના સમપ્રમાણમાં છે. જેમ ઝડપ વધારે તેમ તે નિયત સમયમાં વધુ અંતર કાપે છે.

● **ઝડપ, અંતર અને સમય વચ્ચેનો સંબંધ**

ઝડપ, અંતર અને સમય વચ્ચેનો સંબંધ નીચે પ્રમાણે છે.

ઝડપ = અંતર/સમય

ઝડપ(Speed) માટે s, અંતર (distance) માટે d અને સમય (time) માટે t સંકેત લઈશું.

$s = d/t$

આ સૂત્ર પરથી બીજા બે સૂત્રો મળે છે.

$d = s \times t$ અને $t = d/s$

● સામાન્ય રીતે અંતર કિમી કે મીટરમાં લઈએ છીએ. સમય કલાક, મિનિટ કે સેકન્ડમાં લઈએ છીએ. અંતર અને સમયના એકમને અનુરૂપ ઝડપ માટેનો એકમ કિમી/કલાક, મી/મિનિટ વગેરે લઈએ છીએ.

● **એકમ પરિવર્તન** : પ્રશ્નનાં ઉકેલ માટે ગણતરી કરતા સમયે પ્રશ્નના આધારે એકમો સમાન કરવા પડતા હોય છે. આથી આપણને કેટલાક એકમો વચ્ચેના સંબંધો યાદ હોવા જોઈએ, જેમકે

1 કિમી = 1000 મીટર

1 મીટર = 100 સેમી

1 કિમી =0.6214 માઈલ

1 વાર = 3 ફૂટ

1 કલાક = 60 મિનિટ = 3600 સેકન્ડ

● કિમી/કલાકમાંથી મી/સેકન્ડમાં ફેરવવા માટે ઝડપને 1000/3600= 15/18 વડે ગુણો આથી ઉલટુ મી/સેકન્ડમાંથી કિમી/કલાકમાં ફેરવવા માટે ઝડપને 18/5 વડે ગુણાકાર કરો.

**ઉદાહરણ-૧** : જેનિકા 3 મિનિટમાં 45 મી. ચાલે છે. તો 225 મી ચાલવા માટે કેટલી મિનિટ લાગશે ?

(A) 5 (B) 7.5 (C) 4.5 (D) 15

**ઉકેલ** : અહીં સીધો જ ત્રિરાશીનો ઉપયોગ કરી જવાબ મેળવી શકાય.

45 મી ચાલવા લાગતો સમય = 3 મિનિટ

તેથી 225 મી ચાલવા લાગતો સમય = 225/45x3=15 મિનિટ

Ans.(D)

**ઉદાહરણ-૨** : એક વ્યક્તિ 4.9 કિ.મી. અંતર 3.5 કલાકમાં કાપે છે. તો 2.5 કલાકમાં કેટલું અંતર કાપશે ?

(A) 2.5 કિ.મી. (B) 3.5 કિ.મી.
(C) 4.5 કિ.મી. (D) 1 કિ.મી.

**ઉકેલ** : અહીં પણ ત્રિરાશીની મદદથી ઉકેલ મેળવી શકાય.

3.5 કલાકમાં કપાતું અંતર = 4.9 કિ.મી.

તેથી 2.5 કલાકમાં કપાતું અંતર = 2.5x4.9/3.5
= 3.5 કિ.મી.

**કારકિર્દી માર્ગદર્શન**
**- અમરેલી ગણિત વર્તુળ**
**સૂર્યકાંત પાઠક**
**મો.નં.૯૪૨૭૫૦૫૧૦૭**

અથવા

જો આજ પ્રશ્નમાં વ્યક્તિની ઝડપ પૂછી હોય, તો આ પ્રમાણે ગણીશું.

અહીં d=4.9 કિ.મી., t=3.5 કિ.મી., s=?

s=d/t=4.9/3.5=7/5 કિ.મી./કલાક

વ્યક્તિની ઝડપ s=7/5 કિ.મી./કલાક =1.4 કિ.મી./કલાક

હવે, s=1.4 કિ.મી., t=2.5 કલાક, d=?

d=sxt=1.4x2.5=3.5 કિ.મી.

Ans.(B)

**ઉદાહરણ-૩** : એક સ્કૂટર ચાલક 18 સેકન્ડમાં 300 મી અંતર કાપે છે તો તેની ઝડપ કિ.મી./કલાકમાં શું હશે ?

(A) 80 (B) 40 (C) 60 (D) 50/3

ઉકેલ : અહીં t=18 સેકન્ડ, d=300 મી, s=?

ઝડપ s=d/t=300/18=100/6 મી./સે.

પરંતુ ઝડપ કિમી/કલાકમાં જોઈએ છે. તેથી મળેલી ઝડપને 18/5 વડે ગુણીશું.

તેથી ઝડપ s=100/6x18/5=60 કિ.મી./કલાક

Ans.(C)

● જો A થી Bનું અંતર d હોય અને ઝડપ X કિ.મી./કલાક હોય તથા B થી C નું અંતર પણ d હોય અને ઝડપ y કિ.મી./કલાક હોય, તો કુલ અંતર 2d થશે.

A થી C સુધીની સરેરાશ ઝડપ 2Xy/X+y કિ.મી./કલાક

● જો A થી Bનું અંતર d હોય, ઝડપ X કિ.મી./કલાક હોય અને B થી A પરત આવવાની ઝડપ y કિ.મી./કલાક હોય, તો t સમયમાં A થી B જઈને પરત આવતા કપાતું કુલ અંતર,

2d=2Xy/X+y x t

તેથી d=Xy/X+y x t

**ઉદાહરણ-૪** : શ્રેયસ એક સ્થળ A થી B સુધી 20 કિ.મી./કલાકની ઝડપે જાય છે. જયારે B થી A પરત 30 કિ.મી./કલાકની ઝડપે આવે છે. તો સમગ્ર મુસાફરી દરમિયાન સરેરાશ ઝડપ કેટલી હશે ?

(A) 24 કિ.મી/કલાક (B) 25 કિ.મી/કલાક
(C) 18 કિ.મી/કલાક (D) 12 કિ.મી/કલાક

**ઉકેલ** : અહીં ઉકેલ બે રીતે વિચારીશું.

**રીત-૧** : ધારોકે A થી B સુધીનું અંતર d કિમી તથા તે કાપતા લાગતો સમય t, કલાક છે.

A થી B સુધી 20 કિમી/કલાકની ઝડપે જાય છે.

તેથી $d=sxt_1 = 20t_1$

તેથી $t_1 = d/20$.............(1)

ધારોકે B થી A પરત આવતા લાગતો સમય $t_2$ કલાક છે.

તથા ઝડપ 30 કિ.મી./કલાક છે.

તેથી t2=d/5=d/30.........(2)

સમગ્ર મુસાફરી દરમિયાન લાગતો સમય,

$t_1 + t_2 = d/20 + d/30 = 3d+2d/60 = d/12$

સમગ્ર મુસાફરી દરમિયાન સરેરાશ ઝડપ

$s=2d/t_1+t_2$ =2d/d/12=24 કિ.મી./કલાક

**રીત-૨** : (Short trick) : ઉપર સમજૂતીમાં આપ્યા સૂત્ર મુજબ, જતા અને આવતા ઝડપ અનુક્રમે X કિ.મી./કલાક અને y કિ.મી./કલાક હોય, તો

સરેરાશ ઝડપ =2XY/X+y=2x20x30/20+30
=1200/50=24 કિ.મી./કલાક

(અહીં એ નોંધીએ કે સરેરાશ ઝડપ એ 20 અને 30ની સરેરાશ નથી)

Ans.(A)

**ઉદાહરણ-૫** : એક વ્યક્તિ ઘરેથી ઓફિસ 30 કિ.મી./કલાકની ઝડપે જાય છે અને ઓફિસથી ઘરે 40 કિ.મી./કલાકની ઝડપે પહોંચે છે. આ મુસાફરીમાં તેને કુલ 7 કલાક જેટલો સમય લાગતો હોય, તો ઘર અને ઓફિસ વચ્ચેનું અંતર કેટલું હશે ?

(A) 100 કિ.મી. (B) 70 કિ.મી.
(C) 120 કિ.મી. (D) 80 કિ.મી.

**ઉકેલ** : અહીં X=30 કિ.મી./કલાક, y=40 કિ.મી./કલાક

ઓફિસ અને ઘર વચ્ચેનું અંતર,

d=Xxy/X+y x t

તેથી d=30x40/30+40x7=1200/70x7
=120 કિ.મી.

Ans.(C)

# સમજણ વિનાનું સમર્પણ અને વિવેક વિનાનો વિરોધ બન્ને ભયાનક પરિણામ નોતરે છે

પ્રતિક્ષા કરું છું હું તમારી અને
પરીક્ષા કરો છો તમે અમારી.
કરી લો ગમે તેટલી કસોટી મારી,
નહિ ખૂટે તમારા પ્રત્યેની શ્રદ્ધા મારી.

આપણે ત્યાં હાલની પેઢી મોટેભાગે વડીલો બુઝુર્ગોની વાતને બહુ ધ્યાને લેતા નથી અથવા તો એની વાતની અવગણના કરીને મનમાં એવું વિચારે કે એ જૂના જમાનાના માણસ કહેવાય અત્યારના મોર્ડન યુગની એને શું ખબર પડે. પણ હકીકતમાં વયોવૃદ્ધ કે વડીલ પાસે નિરાંતે બેસીને એની વર્ષો પહેલાની વાતો, એના જીવનના સંઘર્ષો સાંભળવામાં આવે તો એના અનુભવના નિચોડ સ્વરૂપે આપણને ઘણું જાણવા મળે છે. એમણે ઉંમર વાવીને અનુભવોનો પાક લીધો હોય છે. માટે તો આપણે ત્યાં એક કહેવત પડી છે કે ‘ગવઢા ગાડા પાછા વાળે.’ એકવાર એક વડીલને કહેવામાં આવ્યું કે કંઈક સલાહ આપો તો વડીલ બોલ્યા : ‘બસ એટલું ધ્યાન રાખજો કે કોઈ નિર્દોષ વ્યક્તિ કુદરતને આપની ફરિયાદ ના કરે.’ વાત એક વાક્યની છે પણ ઘણુંબધું કહી જાય છે. સવાલ એ થાય કે નિર્દોષ વ્યક્તિ એટલે કોણ ? જે સંપૂર્ણપણે તમારા ભરોસે ચાલતા હોય અને તમે સાચું ખોટું બોલીને કે બનાવટ કરીને એનો વિશ્વાસઘાત કરીને એને અધવચ્ચે ટીંગાડી દ્યો. પછી જવાબદારી નિભાવવાની જગ્યાએ જવાબ આપવાનું ટાળો. તમારા વાંક ગુનાનો ઢાંકપીછોડો કરવા ઉલટાનું નિર્દોષ વ્યક્તિ પર ખોટે-ખોટું દોષારોપણ કરીને તમારી જાતને હોશિયાર સમજો ત્યારે આવી નિર્દોષ વ્યક્તિ પરિસ્થિતિવશ મજબૂરીના હિસાબે તમને કશું કહી ના શકે અથવા તો એની નિર્દોષતા સાબિત કરી ના શકે અને તમે એનો લાભ ઉઠાવો ત્યારે એની આંતરડી દુભાય છે. અને તમારું ખરાબ ના ઈચ્છવા છતાં કુદરત એનો અંતરનાદ સાંભળીને તમને વહેલો મોડો એનો હિસાબ સરભર કરવા ન્યાય આપે છે ત્યારે તમારું કરેલું તમારે અવશ્ય ભોગવવું પડે છે. આ કુદરતી હિસાબ-કિતાબ બહુ અજીબ હોય છે. ઘણીવાર ટૂંકા ગાળા માટે તમે મનમાં રાજી થાવ છો પણ લાંબા ગાળે તમારી સુખ શાંતિ હણાઈ જાય ત્યારે તમને કદાચ




પસ્તાવો થાય તો પાછું વળવા માટે તમારી પાસે મોકો નથી હોતો. કોઈ નિર્દોષ જીવ, નાનું બાળક, અબળા નારી, મજબૂર મિત્ર, શિસ્તબદ્ધ સેવક કે શિષ્ય, ભરોસાબંધ ભાઈ-ભાડું કે તમારી નીચે કામ કરનાર કામદાર કે કર્મચારી વગેરે લોકો સાથે તમારો વ્યવહાર કે તમારા વર્તનમાં તમારી સત્તાનો દૂરઉપયોગ તો નથી થઈ રહ્યો ને એ શાંત ચિત્તે વિચારજો. ઘણીવાર સત્તા કે શક્તિની આડમાં આપણા મનમાં માલિકીપણું સવાર થઈ જાય છે અને આપણે આપણી અનુકૂળતા કે સગવડતા ખાતર કે આપણા સ્વાર્થ ખાતર આવી નિર્દોષ વ્યક્તિને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ઘણું નુકસાન કરી બેસતા હોઈએ. એ સંબંધ ખાતર બધું સહન કરતા જાય અને આપણે એની સ્થિતિ સમજી ના શકીએ. પરિણામે એમને આપણા લીધે જે શોષવું પડે કે સહન કરવું પડે ત્યારે એક પ્રકારનો ઈમોશનલ અત્યાચાર આપણે કરતા હોઈએ એનું આપણને ભાન રહેતું નથી. પરિણામે આવા નિર્દોષ લોકોની હાય લાગતી હોય છે. બીજી બાજુ દરેક વ્યક્તિ અન્ય કોઈ વ્યક્તિ પ્રત્યે મન, વચન અને કર્મથી સમર્પિત હોય છે. આ સમર્પણમાં સમજણ ખૂબ જરૂરી છે. સમજણ વગરનું સમર્પણ આંધળું અનુકરણ ગણાય છે. આવું સમર્પણ ભયાનક પરિણામો નોતરે છે.



**મનન ચિંતન**
ભરત બાવીશી

ઈતિહાસ એનું સાક્ષી છે. રામાયણ અને મહાભારતમાં એના દાખલા મોજૂદ છે. આવું જ વિરોધનું છે. વિરોધ પણ વિવેકપૂર્ણ હોવો જોઈએ અન્યથા આંદોલન બની જાય છે. ખાસ કરીને મોટા સમુદાયનો સામૂહિક વિરોધ જ્યારે વિવેક ગુમાવે છે ત્યારે સમાજમાં વર્ગવિગ્રહ ઊભા થાય છે અને પરિણામ સ્વરૂપે સમાજ અને રાષ્ટ્રને મોટા નુકસાન થતાં હોય છે. ક્યારેક તો આવા વિવેક વગરના વિરોધ એટલી હદે પહોંચી જાય ત્યારે તોફાનો, આંતરિક ક્લેશ, જાતિવાદ, કોમવાદ, પ્રદેશવાદ, ધર્મવાદના આંદોલન, હુલ્લડ અને તોફાનો અને ભયાનક વિશ્વયુદ્ધો થાય છે જેમાં અનેક નિર્દોષ લોકોના ભોગ લેવાય છે ત્યારે પીડિત, શોષિત અને ભોગ બનનાર પરિવારોની બહુ મોટી હાય જવાબદાર વ્યક્તિ પ્રત્યે લાગતી હોય છે. કુદરત આગળ ફરિયાદ સ્વરૂપે ન્યાય માટેની મૂક આહ નીકળી જાય ત્યારે ભલભલા શક્તિશાળીની સત્તા અને શક્તિ હણાઈ જાય છે. આના પણ દાખલા આપણા ઈતિહાસમાં મોજૂદ છે. આપણા જીવનમાં આપણા ક્ષણિક સુખ કે નીજી સ્વાર્થ માટે આપણાંથી કોઈ નિર્દોષ વ્યક્તિના સુખ-ચેન ના છીનવાઈ જાય એની જાગૃતતા અને કાળજી જ આપણને ચિર શાંતિ આપી શકે અન્યથા જાણી જોઈને કરેલી ખોટી બનાવટ કે ઈમોશનલ અત્યાચાર ખુદનું કાળજું કોરી ખાશે એ અનુભવે સમજાશે. અસ્તુ.

# એક ભાણે બેસીને જમતો ખેડૂત પરિવાર : વેલ્યુએડીશન થકી રોજગારી

‘વાયાને વાદળ ઉમટ્યા રે, એવા સંયુક્ત પરિવારોને વાગ્યા ઘા રે.’ કદાચ આવી કવિતાઓ આવે તો વાંચી લેજો કારણ કે પશ્ચિમી




સંસ્કૃતિનો વિરોધ કરનારાઓ આજે સંપૂર્ણ પશ્ચિમી સંસ્કૃતિમાં રંગાઈ ગયા છે. સંયુક્ત પરિવાર પ્રથા મૃતપ્રાયનાં આરે ઉભી છે. આજે જે જે સામાજિક સમસ્યાઓ ઉભી થઈ છે તેની ભીતરમાં તપાસ કરવામાં આવે તો સ્ત્રી-પુરૂષને સ્વતંત્રતા જોઈએ છે. જે સંયુક્ત પરિવારમાં શક્ય નથી. જેના પરિણામે આજે પારિવારીક સમસ્યાઓ સળગી રહી છે. દિવાના તેજે જોઈ સંયુક્ત પરિવારને શોધવા નીકળીએ તો જડે તેમ નથી તેવા સમયે દેવભૂમિ દ્વારકા જિલ્લાનાં ભાણવડ તાલુકાના શિવા ગામના યુવા અને ઉત્સાહી ખેડૂત પુત્ર રાવલીયા ભાવિન વિરાભાઈ અભ્યાસ ૧૨ ધો. ઉંમર ૩૦ વર્ષની છે. ખેતી અને ખેત આધારીત વેલ્યુએડીશન ઉદ્યોગમાં સફળતાનું કારણ તેઓ સંયુક્ત પરિવારમાં રહેતા હોવાના કારણે સફળતા મળી છે. તેમ જણાવી ગૌરવભેર કહે છે. ઘરની ઓસરીમાં એક ભાણે ૨૦ લોકો જમતા હોય આ અમારી તાકાત છે. પોતાની પાસે રહેલી ૮૦ વિઘા જમીનમાંથી ૨૦૧૯થી સુભાષ પાલેકરજીની પ્રેરણાથી પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી. આજે બાગાયત ખેતી સંપૂર્ણ ગાય આધારીત અને પ્રાકૃતિક રીતે કરે છે. જેમાં ૫



**ઝાકળનું એક બિંદુ**
હિરેન હિરપરા

વિઘામાં ખારેકનું વાવેતર કરેલ છે. ૧૦૦ થી ૧૧૦ જેટલા છોડ છે. સારૂ વાતાવરણ હોય તો ૮૦ થી ૧૦૦ કિલો ખારેકનું ઉત્પાદન મળે છે. અને ઘેરબેઠા રૂા.૧૦૦ના ભાવે વેંચાણ કરે છે. આ ઉપરાંત આંબાનું વાવેતર કરેલ છે. જેમાં ખુલ્લી જગ્યામાં ટમેટીનું વાવેતર કરેલ છે. ટમેટાનાં વેલ્યુએડીશન થકી જામ અને સોસ બનાવી વેચાણ કરે છે. આ ઉપરાંત તેઓની નર્સરીમાં ડ્રેગન ફ્રૂટ, જામફળ અને અંજીરનું પણ વાવેતર કરેલ છે. જામફળ અને અંજીર પણ ઘેર બેઠા વેંચાણ કરે છે. જયારે નવા પ્રયોગ તરીકે પેશન ફ્રૂટનું વાવેતર કરેલ છે. તેઓ કહે છે, પેશન ફ્રુટ હૃદય માટે ખુબ જ ફાયદાકારક છે. તેમાં પોટેશિયમ તેમજ ઈલેક્ટ્રોલાઈટ હોય છે. જે હૃદયને સ્વસ્થ રાખવાનું કામ કરે છે. અઢી વિઘાનાં વાવેતરમાંથી ૨ થી ૩ ટન પેશન ફ્રૂટનું ઉત્પાદન મળે છે. જે ઘેરબેઠા ૨૦૦ રૂપિયાનાં હોલસેલ ભાવે વેંચાણ કરવામાં આવે છે જ્યારે રીટેઈલમાં ૩૦૦ રૂપિયાનાં ભાવે વેંચાણ કરવામાં આવે છે. પેશન ફ્રુટ એ એનર્જી આપતું ફ્રૂટ છે. એટલે તેમાથી એનર્જી ડ્રીંક્સ તૈયાર કરીને સોફટડ્રીંક્સની વિવિધ વેરાયટીઓ સામે નેચરલ પિણુ માર્કેટમાં ભાવિનભાઈ લાવી રહ્યા છે. આ માટેનો પ્લાન્ટ, મશીનરી પણ તેઓએ ઉભી કરી દીધી છે. પોતાના ખેતરમાંથી ઉત્પાદન થતી દરેક વસ્તુ સીધી વેંચવાના બદલે વેલ્યુએડીશન કરીને વેચાણ કરવાની નેમ ભાવિનભાઈ રાખી રહ્યા છે. તેઓનો સંપર્ક નં.૮૧૨૮૦ ૨૦૭૬૦ છે.

**તિખારો**

માણસ અને વિજ્ઞાને પ્રગતિ એટલી કરી છે કે લાખો કિલોમીટર દૂર માણસને જોઈ અને સાંભળી શકીએ છીએ. પતન એટલુ થયું છે કે નજીક બેઠેલા માણસ સાથે સાચા સંબંધો ખોઈ બેઠા છીએ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

સંજોગન્યૂઝ લીલોતરી

# અઠવાડિક ખેતી કાર્યો



ડો. જી.આર.ગોહિલ
જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ
ફોન: ૯૨૭૫૭ ૦૮૩૪૨

♦ **ઉનાળું મગફળી:**

● યુનિવર્સિટીનું મગફળી અને સોયાબીનનું બિયારણ મેળવવા માટે વેબસાઈટ www.jau.in ઉપર છેલ્લી તા.૨૪/૦૪/૨૦૨૪ સુધીમાં ઓનલાઇન અરજી કરવી.

♦ **ઉનાળું કઠોળ**

● મગના બિયારણના ઉત્પાદકોને સલાહ આપવામાં આવે છે કે, બિયારણ સંગ્રહ માટે કઠોળના ભોટવાના નિયંત્રણ માટે, શીંગો પાકવાની અવસ્થાએ ઇન્ડોક્ઝાકાર્બ ૧૪.૫ એસસી, ૦.૦૧૨ % (૮ મિ.લિ. પ્રતિ ૧૦ લિટર પાણી)નો છંટકાવ કરવાથી બે માસ સુધી આ જીવાતનો ઉપદ્રવ બિયારણના સ્ફુરણને આડઅસર થયા વગર અટકાવી શકાય છે.

● છોડમાં ફુલ આવવા અને શીંગોમાં દાણા ભરાવાની અવસ્થાએ આવે ત્યારે પૂર્તિ ખાતરનો બીજો હપ્તો હેક્ટર દીઠ ૩૦ કિલોગ્રામ નાઈટ્રોજન તત્વ એટલે કે ૬૬ કિલોગ્રામ યુરિયા અથવા ૧૫૦ કિલોગ્રામ એમોનિયમ સલ્ફેટ ખાતર આપવું.

● પાક તૈયાર થયે સમયસર કાપણી કરી લેવી.

● બાજરીના કુતુલ (તળછારા) રોગમાં રોગિષ્ટ છોડના ડૂંડા પર દાણાની જગ્યાએ નાના-નાના વાંકડીયા લીલા પાન જેવી ફૂટ નીકળે છે જેને લીધે ડૂંડાનો દેખાવ સાવરણી જેવો અથવા સાધુ – બાવાની દાઢી જેવો લાગે છે તેથી આ રોગને ઘણી વખત ખેડૂતો 'બાવાનો રોગ', 'ડાકણની સાવરણી', 'જોગીડો' કે 'ખોડીયો' જેવા નામે ઓળખે છે.



♦ **શેરડી:**

● શેરડીમાં ભીંગડાવાળી જીવાત અને ચીટકો જીવાતના નિયંત્રણ માટે પાળા ચડાવતી વખતે ઈમામેક્ટીનબેન્ઝોએટ ૫ ટકા જમીનમાં આપવું.



♦ **જુવાર:**

● ઘાસચારાની જુવારની કાપણી ફૂલ આવતી વખતે કરવી.

● જમીનમાં રહેલ અલભ્ય ફોસ્ફરસ અને પોટાશને લભ્ય સ્વરૂપમાં રૂપાંતરિત કરવા અનુક્રમે ફોસ્ફેટ સોલ્યુબિલાઇઝીંગ બેકટરીયા અને પોટાશ સોલ્યુબિલાઇઝીંગ બેકટરીયાનો ઉપયોગ કરવો.

♦ **શાકભાજી:**

● શાકભાજી પાકોનું તંદુરસ્ત ધરૂવાડિયુ.

● સારા નિતારવાળી, ફળદ્રુપ અને નીંદણ મુક્ત જમીન પસંદ કરવી.

● જમીનમાં રહેલ કોશેટા, જીવાણું, ફુગ, કૃમિ તેમજ નિંદામણના બીજનો નાશ કરવા માટે રાબીંગ અથવા સોઈલ સોલરાઈઝેશન કરવું.

● ૧૦ થી ૧૫ મીટર લાંબા, ૨ થી ૨.૫ મીટર પહોળા અને ૧૦ થી ૧૫ સે.મી. ઉંચા ગાદી ક્યારા બનાવવા,

♦ **૧ હેકટરની રોપણી માટે જરૂરી બિયારણ:**

● (૧) રીંગણ : ૨૫૭ થી ૩૦૦ ગ્રામ (૨) મરચી : ૨૫૦ ગ્રામ (૩) ટામેટી : ૨૦૦ થી ૨૫૦ ગ્રામ (૪) ડુંગળી : ૮ થી ૧૦ કિ.ગ્રા (૫) કોબીજ । ફૂલકોબી : ૩૦૦ થી ૪૦૦ ગ્રામ

● પારાયુક્ત દવા થાયરમ કે કેપ્ટાન ૩ ગ્રામ/ ૧ કિલો બીજ પ્રમાણે પટ આપવો.

● બીજની વાવણી પછી સુકું ઘાસ કે પાંદડા અથવા એગ્રીરોડ નેટનું આવરણ કરી ઝારાથી પાણી આપવું.

● ધરૂના કોહવારા, જીવાણુથી થતો સુકારો તેમજ ચૂસિયાં પ્રકારની જીવાતો માટે ભલામણ મુજબ દવાઓ છાંટવી.

● રીંગણના ધરૂ ૩૦ થી ૩૫, ટામેટી ૨૦ થી ૨૫, મરચી ૩૫ થી ૪, કોબીજ(ફૂલકોબી ૨૦ થી ૩૦ અને ડુંગળી ૪૦ થી ૪૫ દિવસે ફેરરોપણી લાયક થઈ જાય છે.

● શાકભાજી ઉતરતા ન હોય તેવા પાકમાં મોલોમશી જોવા મળે તો મગફળી પાકમાં જણાવ્યા મુજબ દવા છાંટવી અને શાકભાજી ઉતરતા હોય તેવા પાકોમાં શાકભાજી ઉતારી લીધા બાદ ૧૦ લિટર પાણીમાં ક્લોરાનટ્રાનીલીપ્રોલ ૩-૪ મિ.લિ. દવાનો છંટકાવ કરવો.

● મરચીમાં કાલવર્ણના નિયંત્રણ માટે મેન્કોઝેબ ૭૫ વેપા ૩૦ ગ્રામ અથવા ક્લોરોથેલોનીલ ૭૫ વેપા ૨૭ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ભેળવી જરૂરીયાત મુજબ છંટકાવ કરવો.

♦ **પાકની કટોકટી અવસ્થાઓ:**

જુવાર: ઘુંટણની ઊંચાઈ, ધ્વજ પર્ણ, ફૂલ અવસ્થા

મકાઈ: ચમરી અવસ્થા, દાણા ભરાવા

બાજરી: ફૂટ અવસ્થા, ધ્વજ પર્ણ, ફૂલ અવસ્થા

મગફળી: ડાળી પડવી, ફૂલ બેસવા, સુયા બેસવા, ડોડવા ભરાવા

તલ: ફૂલ અવસ્થા, ઘેટામાં દાણા બેસવા

ડુંગળી: દડા ભરાવા, દડા વિકાસ, પાકતા પહેલા

♦ **ડુંગળી:**

● પાકેલા લોથા વાઢી લીધા પછી ખળામાં ૧૫ થી ૨૦ સેન્ટીમીટરના થર બનાવી સુકાવવા.

● બીજને ૭% ભેજ રહે તે રીતે સુકવણી કરવી કે જેથી સંગ્રહ દરમ્યાન બીજમાં ઉગવાની શક્તિ અને જુસ્સો જળવાઈ રહે.

● બીજને હવાની અવરજવરવાળી અને ભેજરહિત ઠંડકવાળી જગ્યાએ સંગ્રહ કરવો.

● ડુંગળીના છોડની ટોચ નમી ન જાય ત્યાં સુધી એટલે કે, અપ્રિલ-મે માસ દરમિયાન ખેતરમાં જ રહેવા દેવામાં આવે છે. કાપણી સમયસર કરવી, મોડી કાપણી કરવાથી કાંદાની ગુણવત્તા બગડે છે.

♦ **સંગ્રહ માટે ડુંગળીની પસંદગી :**

● ડુંગળીના કંદ વજનમાં ભારે તેમજ નક્કર હોવા જોઈએ.

● બેતાળા કે મોગરાવાળા કંદ પસંદ કરવા નહીં.



● કાપણી સમયે ઈજા પામેલા, રોગિષ્ટ, અપરિપક્વ તથા નાના કંદનો સંગ્રહ ન કરવો.

● કંદ તંતુ રહિત તથા માટી રહિત હોવા જોઈએ.

● કંદનું ઉપરનું પડ સંપૂર્ણ સુકાયેલ તેમજ ઢંકાયેલ હોવું જોઈએ.

● વધુ તીખાશવાળી અને માવાવાળી ડુંગળીનો સંગ્રહ લાંબા સમય માટે સારી રીતે થઈ શકે છે.

♦ **બાગાયતી પાકો:**

♦ **આંબા:**

● ઘનિષ્ઠ વાવેતર પધ્ધતિ દરમ્યાન કેનોપી મેનેજમેન્ટ કરવાનું હોવાથી, ભેટ કલમની સરખામણીએ એપીકોટાઈલ (ચીપીયા કલમ) કે નૂતન કલમનો ઉપયોગ કરવો હિતાવહ છે.

● ઉનાળામાં ખાડા- ૧ x ૩ અંતર રાખવું, ચોમાસા અથવા ઉનાળા પહેલાં રોપણી કરવી, રોપણી બાદ ખામણા કરવા, ટેકા આપવા, ટપક પધ્ધતિ મુકવી, છોડને રક્ષણ આપવું.

♦ **પપૈયા:**

● નવું વાવેતર કરવા માટે એક એકરે ૧૦૦ ગ્રામ સારી જાતનું બીજ પસંદ કરી ધરૂવાડિયું તૈયાર કરવું.

● પપૈયાની સારી જાતો જેવી કે જીજેપી-૧, વોશિંગ્ટન, મધુબિંદુ, કોઇમ્બતુર, પૂસા-ડેલીસીયસ જેવી જાતો પસંદ કરવી.

♦ **દાડમ:**

● જીવાતથી નુક્સાન પામેલ ફળોનો નાશ કરવો.

● ફળ કોરી ખાનાર ઈયળના નિયંત્રણ માટે પ્રોફેનોફોસ ૫૦ ઇ.સી. ૧૫ મિ.લિ. અથવા ક્વીનાલફોસ ૨૫ ઈ.સી. ૨૦ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં ઉમેરી છંટકાવ કરવો.

♦ **ચીકુ:**

● ૫ થી ૬ દિવસે નિયમિત પિયત આપવું. વધુ પડતી ગરમીથી ફુલ ખરી જતાં હોય તો પિયતનો ગાળો ઘટાડવો. કળી કોરી ખાનાર ઈયળના નિયંત્રણ માટે પ્રોફેનોફોસ ૫૦ ઇ.સી. ૧૦ મિ.લિ. દવા ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

● ચીકુ ઉષ્ણકટિબંધનો પાક છે. દરિયા કિનારાનું ગરમ અને ભેજવાળું હવામાન ખુબ માફક આવે છે.

● સારા નિતારવાળી ઉંડી ગોરાળુ, બેસર કે મધ્યમ કાળી જમીન વધુ અનુકૂળ છે. નદી કે દરિયા કિનારાની ઉંડી કાંપાળ જમીન ચીકુના ઝાડ માટે ઉત્તમ છે.

♦ **વ્યાપારીક જાતો :** કાલી પત્તી, પીળી પત્તી, ક્રિકેટ બોલ, પી.કે.એમ.-૧

♦ **વર્ધન :** ભેટ કલમ અથવા નૂતન કલમ પધ્ધતિ દ્વારા

♦ **રોપણી:** ૧૦ x ૧૦ મીટરના અંતરે માર્ચ-એપ્રિલ માસમાં ૧ x ૧ x ૧ મીટરના ખાડા બનાવી મે-જૂન માસમાં ખાડા દીઠ ૫ કિલો છાણિયું ખાતર, ૨૦૦ ગ્રામ ડી.એ.પી. અને ૫૦ ગ્રામ ઉધઈ નાશક ૨ ટકા પેરાથીયોન પાઉડર નાખી ઓગષ્ટમાં કલમો રોપવી.



# વિવિધ ફળ પાકોમાં ખેડૂતમિત્રોએ રોપ/કલમ પસંદ કરવા માટેની સચોટ માહિતી

ડો. જે.એસ. પરસાણા, શ્રી રીક્ષીતા ગોંડલીયા,
ડો. શિવાની પટેલ અને ડો. બી.વી. હુંમર બાગાયત
મહાવિધાલય, જૂનાગઢ કૃષિ વિશ્વવિદ્યાલય, જૂનાગઢ

## 1. ચીકુ

ચીકુનુ સંવર્ધન બીજ, ગુટી, ભેટ કલમ અને નૂતન કલમ પદ્ધતિથી કરી શકાય છે. ફળ સંશોધન કેન્દ્ર, ગણદેવી ખાતે ચીકુ, રાયણ અને મહુડાના મૂલકાંડ ઉપર કરેલ ચીકુની ભેટ કલમો તથા ચીકુની ગુટી કલમો રોપી કરવામાં આવેલ અભ્યાસના પરિણામો પરથી માલુમ પડેલ કે રાયણના મૂલકાંડ ઉપર કરેલ કલમથી વિકસાવેલ ઝાડ જુસ્સાદાર હતાં અને વધુ ઉત્પાદન આપેલ હતું.

■ ચીકુના મૂલકાંડ અને બુટી કરતા રાયણના મૂલકાંડ ઉપરના વિકસિત ઝાડના મૂળતંત્રનો વિકાસ વધુ માલુમ પડેલો હતો આ પરિણામો બાદ ચીકુની કલમો રાયણના મૂલકાંડ ઉપર કરવાની ભલામણ કરવામાં આવેલ છે. જેથી ખેડૂતોએ ચીકુના વાવેતર માટે ભેટ કલમની પસંદગી કરવી જોઈએ.

## 2. સીતાફળ

સીતાફળનું વાવેતર બે રીતે થાય છે. બીજથી પ્રસર્જન

■ સીતાફળના બીજ લાંબા સમય સુધી ઉગવાની શક્તિ ધરાવે છે સારા પરિપક્વ ભરાવદાર ફળોમાંથી બીજ કાઢી સુકવી ભેજ રહિત જગ્યાએ રાખવામાં આવે છે.

■ એપ્રિલ માસના બીજા પખવાડિયામાં નર્સરીમાં સપાટ કે ગાદી ક્યારા બનાવી અથવા ૧૦ x ૧૫ સે.મી. કદની પોલીથીન બેગમાં ખાતર માટીનું મિશ્રણ ભરી તેમાં બીજ વાવી રોપા તૈયાર કરવામાં આવે છે.

■ જે રોપા ૨૦ થી ૨૫ સે.મી. ની ઊંચાઈના થતા ચોમાસુ બેસતા ખેતરમાં રોપવામાં આવે છે તેમજ સીધા બીજ વાવી શકાય જેથી રોપાના સોટીમૂળ જમીનમાં ઊંડે સુધી જઈ રહે.

■ કલમથી પ્રસર્જન વાનસ્પતિક રીતોમાં કટકા, ભેટ, ફાચર કલમ તથા આંખ કલમથી સીતાફળનું પ્રસર્જન થઈ શકે છે.

■ કટકા કલમમાં સહેલાઈથી મૂળ ફૂટતા નથી તેથી ભેટ, ફાચર કે આંખ કલમથી પ્રસર્જન થાય છે.

■ સીતાફળની કલમ રામ ફળ, લક્ષ્મણ ફળ કે સીતાફળના મૂલકાંડ પર કરી શકાય છે.

■ જૂનાગઢ વિસ્તારમાં સીતાફળના વાનસ્પતિક પ્રસર્જન માટે માર્ચ એપ્રિલમાં ફાચર (નૂતન) કલમ કરવાની ભલામણ છે. જેથી કળી વહેલી ફૂટે છે વધુ સફળતા મળે છે અને કલમની વૃદ્ધિ પણ સારી થાય.

## 3. આમળા

■ સામાન્ય રીતે આમળાનું સંવર્ધન બીજ અને કલમ બંને દ્વારા થાય છે

■ પરંતુ બીજ દ્વારા ઉછેરવામાં આવેલ ઝાડમાં ફળ મોડા બેસે છે તથા તેમાં ઘણી વિવિધતા જોવા મળતી હોવાથી આમળાનું સંવર્ધન બીજથી કરવું સલાહભર્યું નથી.

■ કલમ દ્વારા સંવર્ધન કરી ઝાડ ઉછેરવું જોઈએ જેથી આપણને ત્રણ-ચાર વર્ષમાં ઉત્પાદન મળવાનું શરૂ થઈ જાય છે તથા ફળોની ગુણવત્તા પણ સારી જોવા મળે છે. કલમ દ્વારા સંવર્ધનમાં ફાચર (નૂતન) કલમ, ભેટ કલમ અને આંખ કલમ મુખ્ય છે.

■ આ પૈકી આંખ કલમ સૌથી શ્રેષ્ઠ જોવા મળેલ છે.

## 4. દાડમ

■ દાડમનું સંવર્ધન બીજ દ્વારા, કટકા તેમજ ગુટી કલમ દ્વારા અથવા ટીસ્યુ કલ્ચર પદ્ધતિથી કરવામાં આવે છે.

■ પરંતુ આ બધી પદ્ધતિમાંથી કટકા કલમ પદ્ધતિ ખૂબ જ સસ્તી અને સરળ છે. મોટાભાગના બાગાયતકારો આ પદ્ધતિથી જ છોડ તૈયાર કરે છે.

રોગમુક્ત ડાળીની પસંદગી કરવી, સારી જાતની એક વર્ષ જૂની પેન્સિલ જેટલી જાડાઈની ડાળી લઈ તેમાંથી ૧૦ સે.મી. લંબાઈના કટકા બનાવો. કટકાનો અડધો ભાગ જમીનમાં જવા દેવો અને તેની આજુબાજુની જમીનને બરોબર દબાવવી.

■ જો પ્લાસ્ટિકની થેલીમાં ઉછેર કરવાનો હોય તો ૧૦-૧૫ સે.મી. ના માપની કાળી પોલીથીન બેગ લેવી. તેના નીચેના ભાગમાં કાણા પાડો. તેમાં ૫૦ કિ.ગ્રા. ગોરાડુ માટી ૫૦ કિ.ગ્રા. સારૂ કેહવાયેલું છાણીયું ખાતર લઈ તેનું મિશ્રણ બનાવો. મિશ્રણથી પોલીથીલીન બેગ ભરો, તેમાં કટકાને ૫ સે.મી. ઉંડા વાવી દો, કટકાને નિયમિત ઝારા વડે પાણી આપતા રહેવું.

■ કટકા લગભગ ૪૫ દિવસે મૂળ સાથે તૈયાર થઈ જશે તે પછી એક માસે રોપણી માટે તૈયાર થઈ જશે. તેથી ખેડૂતોએ દાડમના વાવેતર માટે કટકા કલમની પસંદગી કરવી જોઈએ.

## 5. બોર

■ બોરડીના પ્રસર્જન માટે દેશી બોરડીના મૂલકાંડ ઉપર જે તે પસંદગીની જાતની આંખ કલમ કરવામાં આવે છે. સામાન્ય રીતે મૂલકાંડ માટે દેશી જાત પસંદ કરવી અથવા તો સુકવણી ઠળિયા પણ વાપરી શકાય છે.

■ બોરડીના રોપ ઉછેર માટે પાકા ફળોમાંથી ઠળિયા કાઢી ૧૭ થી ૧૮ ટકા મીઠાના દ્રાવણમાં બોળવા, જે ઠળીયા તળિયે બેસી જાય તે રોપ ઉછેર માટે પસંદ કરવા. આ ઠળિયામાંથી કાળજીપૂર્વક નુકસાન ન થાય તે રીતે મિંજ કાઢી તેનું વાવેતર કરવું.

■ આમ કરવાથી ઉગાવો સારો અને ઝડપી થાય છે. બોરડીના રોપનો ઉછેર બે રીતે કરી શકાય છે.

(1) બીજને ખેતરમાં નિયત સ્થળે સીધા વાવીને તેમજ

(2) પ્લાસ્ટિકની થેલીમાં રોપ ઉછેરીને.

આંખની પસંદગી અને કલિકા રોપણી

■ સારી જાતની બોરડીના ઝાડમાંથી એપ્રિલ માસમાં છાંટણી કર્યા પછી નવી ફૂટેલી એક થી દોઢ માસની ડાળીઓ પસંદ કરવી.

■ આ ડાળીના પાનની કક્ષમાં ભરાવદાર અને ફુલેલી આંખ હોય તેવી આંખ કલમ માટે પસંદ કરવી. બોરમાં ઢાલ આકાર, ભૂંગળી આકાર અને ટી આકાર કલિકાઓ રોપણીની પદ્ધતિઓ છે.

■ તે પૈકી આપણા મૂલકાંડ અને આંખને વધુ અનુકૂળ પડે તે પદ્ધતિ પસંદ કરી આંખ કલમ ચઢાવવી. સામાન્ય રીતે ટી આકાર પદ્ધતિ બહુ પ્રચલિત છે.

## 6. ખારેક

■ સામાન્ય રીતે ખારેકનું વાવેતર બીજ, પીલા તેમજ પેશી સંવર્ધનથી તૈયાર કરાયેલા છોડમાં જુદી જુદી રીતે કરવામાં આવે છે.

■ ખારેકમાં નર અને માદાના ઝાડ અલગ અલગ હોય છે. પરંતુ ખારેકના ફળ માત્ર માદા ઝાડ પર જ આવતા હોય છે. તેમાં નરના ઝાડની વધુ જરુરીયાત રહેતી નથી. જેમાં સામાન્ય રીતે સરેરાશ ૫૦ માદા ઝાડ દીઠ એક ઝાડની જરુર રહે છે. પરંપરાગત પદ્ધતિ દ્વારા ખારેકના બીજથી ખેતી કરતા ૫૦ થી ૬૦ ટકા છોડ નર નીકળતા હોય છે અને આ નર માદાની ઓળખ વાવેતર કર્યા બાદ ચાર થી સાત વર્ષે ફુલ આવવાની અવસ્થાએ થાય છે. જેના કારણે ખેડૂતોને યોગ્ય ઉત્પાદન મળતું નથી. તેમજ બીજ દ્વારા ઉગાડવામાં આવેલ છોડનું જનીનિક બંધારણ બદલાઈ જવાના કારણે ફળોની ગુણવત્તા તેમજ ઉત્પાદનમાં સમાનતા જોવા મળતી નથી. ઉપરાંત પીલાની સંખ્યા મર્યાદિત હોવાથી મોટા પાયે વાવેતર કરવા માટે જરુરી છોડ મળી રહેવામાં મુશ્કેલી પડે છે અને પીલાની પ્રસ્થાપનની પ્રક્રિયામાં ઘણા બધા છોડ નષ્ટ થવાની સંભાવના પણ રહે છે.



સીતાફળમાં (નૂતન) કલમ



સીતાફળમાં બીજ માંથી મેળવેલ રોપા





ખારેકમાં નર અને માદા છોડ



પેશી સવર્ધન દ્વારા માદા છોડ

# કૃષિ ક્ષેત્રે નેનો યુરિયા અને નેનો ડીએપીની પાકોમાં ઉપયોગીતા

ડો. આર.કે. કલારિયા અને
ડો. એસ.એસ. પાટીલ
૧. અસ્પી શકીલમ બાયોટેક્નોલોજી ઇન્સ્ટિટ્યૂટ, નવસારી કૃષિ યુનિવર્સિટી, સુરત-૩૯૫ ૦૦૭
૨. કૃષિ મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, ભરુચ -૩૯૨૦૧૨

સમય સાથે ખેતી પણ ઝડપથી બદલાઈ રહી છે. પહેલા ખેતીમાં ખાતર અને જંતુનાશક દવાઓનો ઉપયોગ વધ્યો તો હવે લોકો આ બધુ છોડીને ઓર્ગેનિક અને નેચરલ ખેતી તરફ આગળ વધી રહ્યા છે. આજના સમયમાં, વિશ્વભરના દેશો પર્યાવરણને બચાવવા આબોહવા પરિવર્તન (ક્લાયમેટ ચેન્જ) પર મનોમંથન કરી રહ્યા છે, કેટલાક સંપન્ન દેશોમાં કાર્બનનું પ્રમાણ અને ગ્રીન હાઉસ ગેસિસ ઘટાડવો એ મુખ્ય વિષય છે અને આ દિશામાં ઝડપથી કામ થઈ રહ્યું છે. નેનો યુરિયા અને નેનો ડીએપી પોષક તત્વોથી સમૃદ્ધ, જમીન, પાણી અને હવાના પ્રદૂષણ તેમજ ગ્લોબલ વોર્મિંગ ઘટાડવામાં ખૂબ ફાયદાકારક રહેશે.

▶ **નેનો યુરિયા (લિક્વિડ) શું છે?**

નેનો યુરિયા (ઈફકો દ્વારા ઉત્પાદિત) એ નાઈટ્રોજનની ઊંચી સાંદ્રતા સાથે નેનો યુરિયાનું અદ્યતન ફોર્મ્યુલેશન છે (20% N w/v સમકક્ષ 16% N w/w). તેમાં નાઈટ્રોજનના વિવિધ સ્વરૂપો હોય છે અને તે બાયો-પોલિમર્સ અને અન્ય એક્સિપિયન્ટ્સ સાથે કાર્યરત છે. તેમાં નેનો સાઈઝ (<100 nm) વધુ સપાટી વિસ્તારથી વોલ્યુમ રેશિયો અને નાઈટ્રોજનના ઊંચા લોડિંગ સાથે છે. આમ, પાકના પર્ણસમૂહ પર તેના વધુ સારા ફેલાવાને કારણે તેના કાર્યક્ષમ એસિમિલેશનને લીધે હરિતદ્રવ્ય અને પ્રકાશસંશ્લેષણની કાર્યક્ષમતા, પાકની ઉપજમાં વધારો અને ઉત્પાદિત પાકની ગુણવત્તામાં વધારો થાય છે. વધુમાં, નેનો યુરિયા પરંપરાગત ટોપ-ડ્રેસ્ડ યુરિયા (દાણાદાર/પ્રિલ) નો ઉપયોગ ૫૦% સુધી ઘટાડી શકે છે.

ઈફકો નેનો યુરિયા ભારત સરકારના બાયોટેકનોલોજી વિભાગ અને નેનો એગ્રીકલ્ચરલ ઈનપુટ્સ (NAIP) અને ખાદ્ય ઉત્પાદનોના પરીક્ષણ માટેની માર્ગદર્શિકાને અનુરૂપ છે. નેનો યુરિયાનું એન.એ.બી.એલ. માન્યતા પ્રાપ્ત અને જી.એલ.પી. પ્રમાણિત પ્રયોગશાળાઓ દ્વારા જૈવ-અસરકારકતા, જૈવ સલામતી-ટોક્સિસિટી અને પર્યાવરણીય યોગ્યતા સાથે પરીક્ષણ અને પ્રમાણિત કરવામાં આવ્યું છે. નેનો ફર્ટિલાઈઝર્સ, નેનો ટેકનોલોજી અથવા નેનો સ્કેવ એગ્રો-ઈનપુટ્સ સંબંધિત તમામ વર્તમાન રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય માર્ગદર્શિકાને પૂર્ણ કરે છે. જેથી ખેડૂતો નેનો ટેકનોલોજીના વરદાનનો આખરે લાભ મેળવી શકે. નેનો ખાતરોને કારણે 'આત્મનિર્ભર ભારત' અને 'આત્મનિર્ભર કૃષિ'ની દ્રષ્ટિએ આ આત્મનિર્ભરતા તરફનું એક પગલું હશે.

▶ **નેનો યુરિયાની કાર્યપ્રણાલી તથા ઉપયોગ માટેની માત્રા:**

નેનો યુરિયામાં 4 % નેનોસ્કેલ નાઈટ્રોજનના નાના (20 થી 50 એનએમ) કણો હોય છે. તેઓ સરળતાથી કોષની દિવાલ દ્વારા અથવા પાંદડાના સ્ટોમેટલ છિદ્રો દ્વારા પ્રવેશ કરી શકે છે. છોડમાં પ્રવેશ્યા પછી, તેઓ પાકની કોશિકાઓ, પ્લાઝમોડેસ્માટા (40 એનએમ વ્યાસ) દ્વારા છોડના અન્ય ભાગોમાં પરિવહન કરે છે અથવા એક્વાપોરિન, આયન ચેનલો અને એન્ડોસાયટોસિસ દ્વારા વાહક પ્રોટીન સાથે જોડાઈ શકે છે. તેથી, નેનો યુરિયા પ્રવાહીના પર્ણસમૂહનો ઉપયોગ વધુ કાર્યક્ષમનાઈટ્રોજન શોષણ, સારી શારીરિક વૃદ્ધિ, અનાજ ઉત્પાદન અને ફળોની સારી ગુણવત્તામાં પરિણમે છે. તેના ઉપયોગ માટે એક લિટર પાણીમાં ૨ થી ૪ મિ.લિ નેનો યુરિયા (4% N) ભેળવીને પાકની સક્રિય વૃદ્ધિની અવસ્થામાં પાકના પાંદડા પર છંટકાવ કરી શકીએ છીએ.

▶ **નેનો ડીએપી (લિક્વિડ) શું છે?**

નેનો ડીએપી તમામ પાકો માટે ઉપલબ્ધ નાઈટ્રોજન (8.0% N w/v) અને ફોસ્ફરસ (16.0 % P2O5 w/v) નો કાર્યક્ષમ સ્ત્રોત છે, જેમાં નાઈટ્રોજન અને ફોસ્ફરસના નેનો કલસ્ટરો, બાયો-પોલિમર્સ અને અન્ય એક્સિપિયન્ટ્સ સાથે કાર્યરત છે. જે ઊભા પાકમાં નાઈટ્રોજન અને ફોસ્ફરસની ઉણપને સુધારવામાં મદદ કરે છે. કદની દ્રષ્ટિએ નેનો ડીએપી (પ્રવાહી) ૧૦૦ નેનોમીટર કરતાં પણ નાનું છે. આ ગુણધર્મના કારણે, બીજની સપાટીની અંદર અથવા સ્ટોમાટા અને છોડના અન્ય છિદ્રો દ્વારા તે સરળતાથી છોડમાં પ્રવેશે છે. છોડની પ્રણાલીની અંદર નેનો ડીએપીની વધુ સારી રીતે ફેલાવવાની ક્ષમતા અને પ્રણાલી સાથે તાદત્મ્ય હોવાથી તે બીજની ગુણવત્તા, હરિતદ્રવ્યમાં વધારો થવા સાથે, પ્રકાશસંશ્લેષણ કાર્યક્ષમતા, સારી ગુણવત્તા અને પાકની ઉપજમાં વધારો કરે છે.

# નેશનલ હેરાલ્ડ કેસમાં ગાંધી પરિવારની સંડોવણી સામે કોંગ્રેસ દેશભરમાં બંધારણ બચાવો અભિયાન ચલાવશે

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૦

કોંગ્રેસ નેશનલ હેરાલ્ડ અને અન્ય મુદ્દાઓ પર ઘરે ઘરે જઈને 'બંધારણ બચાવો' અભિયાન ચલાવશે. પાર્ટીના મતે, આ કેરળ મોડેલની તર્જ પર કરવામાં આવશે. નેશનલ હેરાલ્ડ કેસમાં દાખલ કરાયેલી ચાર્જશીટમાં સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીના નામનો સમાવેશ કરવા અંગે પાર્ટીએ દેશવ્યાપી ઝુંબેશ શરૂ કરવાનો પણ નિર્ણય લીધો છે.




નેશનલ હેરાલ્ડ કેસ સંબંધિત ચાર્જશીટમાં સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીના નામ સામે આવ્યા બાદ કોંગ્રેસ આઘાતમાં છે. પાર્ટી પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ પાર્ટીના મહાસચિવો, પ્રભારીઓ અને સંલગ્ન સંગઠનોની બેઠક બોલાવી હતી. બેઠકમાં ખડગેએ આરોપ લગાવ્યો કે સરકાર નેશનલ હેરાલ્ડ કેસમાં રાજકીય બદલાની ભાવનાથી કામ કરી રહી છે. પરંતુ આનાથી પાર્ટીને ડરાવી શકાય નહીં. અમદાવાદ સંમેલન પછી તરત જ ED એ ચાર્જશીટ દાખલ કરી દીધી તે કોઈ સંયોગ નથી.

બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો કે ૨૧ થી ૨૪ એપ્રિલ દરમિયાન દેશના દરેક રાજ્યમાં નેશનલ હેરાલ્ડ મુદ્દા પર પ્રેસ કોન્ફરન્સ યોજાશે. ૨૫ એપ્રિલથી ૩૦ એપ્રિલ સુધી દરેક રાજ્યમાં બંધારણ બચાવો પરિષદનું આયોજન કરવામાં આવશે. ૩ મે થી ૨૦ મે દરમિયાન જિલ્લા અને બ્લોક સ્તરે સમાન કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે, જ્યારે ૨૦ મે થી ૩૦ મે દરમિયાન કોંગ્રેસ ઘરે ઘરે જઈને બંધારણ બચાવો અભિયાન ચલાવશે.

# સુપ્રીમ કોર્ટ વિશેની ટીપ્પણી સામે ભાજપે તેના જ સાંસદનાં નિવેદનને નકારી કાઢ્યું

નવીદિલ્હી,તા.૨૦

ભારતીય જનતા પાર્ટીના સાંસદ નિશિકાંત દુબેએ શનિવારે સુપ્રીમ કોર્ટ અંગે મોટું નિવેદન આપ્યું છે. દુબેએ એક મોટું નિવેદન આપતા કહ્યું કે 'દેશમાં ધાર્મિક યુદ્ધ ભડકાવવા માટે સુપ્રીમ કોર્ટ જવાબદાર છે.'તેમણે સુપ્રીમ કોર્ટ પર સંસદની સાર્વભૌમત્વને નબળી પાડવાનો અને તેની મર્યાદાઓથી આગળ કાયદા બનાવવાનો આરોપ લગાવ્યો હતો. દુબેએ કહ્યું કે જો સુપ્રીમ કોર્ટે



કાયદો બનાવવાનો હોય તો સંસદ અને વિધાનસભાઓ બંધ કરી દેવી જોઈએ. તમને જણાવી દઈએ કે તાજેતરમાં ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે પણ સુપ્રીમ કોર્ટના નિર્ણયોને 'સુપર પાર્લામેન્ટ' જેવું વર્તન ગણાવ્યું હતું. જોકે, દુબેના નિવેદનને નકારી કાઢતા, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ કહ્યું કે પાર્ટી આ નિવેદન સાથે સહમત નથી. નિશિકાંત દુબેએ કહ્યું, 'દેશમાં ધાર્મિક યુદ્ધ ભડકાવવા માટે સુપ્રીમ કોર્ટ જવાબદાર છે.'સુપ્રીમ કોર્ટ પોતાની મર્યાદાઓથી આગળ વધી રહી છે. જો આપણે દરેક બાબત માટે સુપ્રીમ કોર્ટ જવું પડે, તો સંસદ અને વિધાનસભાનો કોઈ અર્થ નથી, તે બંધ થઈ જવું જોઈએ. તમે નિમણૂક અધિકારીને કેવી રીતે સૂચનાઓ આપી શકો છો? ભારતના મુખ્ય ન્યાયાધીશની નિમણૂક રાષ્ટ્રપતિ કરે છે. આ દેશના કાયદા સંસદ બનાવે છે. તમે નવો કાયદો કેવી રીતે બનાવ્યો? કયા કાયદામાં એવું લખેલું છે કે રાષ્ટ્રપતિએ ૩ મહિનાની અંદર નિર્ણય લેવો પડશે ? આનો અર્થ એ છે કે તમે આ દેશને અરાજકતા તરફ લઈ જવા માંગો છો. જ્યારે સંસદ બેસશે, ત્યારે આ અંગે વિગતવાર ચર્ચા થશે.

# આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે સોમનાથ મહાદેવના દર્શન કર્યા



તસ્વીર : કૈલાસ ભટ્ટ

ગીર સોમનાથ,તા.૨૦

ગુજરાત રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી ઋષિકેશભાઈ પટેલ તા. ૧૯/૦૪/૨૦૨૫ ને શનિવારના રોજ શ્રી સોમનાથ મહાદેવના દર્શને આવ્યા હતા. તેમણે પવિત્ર સોમનાથ મંદિરમાં ભગવાન શિવના દર્શન કર્યા અને પૂજા સામગ્રી અર્પણ કરી જળાભિષેક કર્યો હતો. આ પ્રસંગે મંત્રીએ શ્રી સોમનાથ મહાદેવ સમક્ષ સમગ્ર રાજ્યની સુખાકારી અને સર્વાંગી વિકાસ માટે પ્રાર્થના કરી હતી. મંદિરના પૂજારીએ શ્રી સોમનાથ ટ્રસ્ટ તરફથી તેમને ભગવાન સોમનાથનું સ્મૃતિચિત્ર અને પ્રસાદ અર્પણ કર્યા હતા.

# કુલભૂષણ જાધવને અપીલ કરવાનો અધિકાર પાકિસ્તાને ફરી એક વખત નકાર્યો

નવીદિલ્હી,તા.૨૦

પાકિસ્તાને ફરી એકવાર ગંદી યુક્તિ રમી છે અને ભારતીય નાગરિક કુલભૂષણ જાધવને અપીલ કરવાનો અધિકાર નકારી કાઢ્યો છે. કુલભૂષણ જાધવ પર પાકિસ્તાનનો આરોપ છે કે તે ભારતીય જાસૂસ છે. હવે પાકિસ્તાનના સંરક્ષણ મંત્રાલયે ત્યાંની સુપ્રીમ કોર્ટને જણાવ્યું છે કે કુલભૂષણ જાધવને ફક્ત



આંતરરાષ્ટ્રીય ન્યાય અદાલત દ્વારા કોન્સ્યુલર એક્સેસ આપવાનો આદેશ આપવામાં આવ્યો હતો અને કુલભૂષણ જાધવને અપીલ કરવાનો અધિકાર નથી.

હકીકતમાં, પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટ ૯ મે ૨૦૨૩ ના રોજ ભૂતપૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની ધરપકડ પછી પાકિસ્તાનમાં ફાટી નીકળેલી હિંસાના આરોપીઓના કેસની સુનાવણી કરી રહી હતી. આ દરમિયાન, એવો દાવો કરવામાં આવ્યો હતો કે લશ્કરી અદાલત દ્વારા હિંસા માટે દોષિત ઠેરવાયેલા લોકોને અપીલ કરવાનો અધિકાર આપવામાં આવ્યો નથી, જ્યારે ભારતીય નાગરિક કુલભૂષણ જાધવને અપીલ કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે. આના જવાબમાં પાકિસ્તાનના સંરક્ષણ મંત્રાલયે કહ્યું કે કુલભૂષણ જાધવને અપીલ કરવાનો અધિકાર આપવામાં આવ્યો નથી પરંતુ તેમને ફક્ત આઈસીજેના આદેશ પછી કોન્સ્યુલર એક્સેસ આપવામાં આવ્યો છે.

# અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સ આજથી ચાર દિવસની ભારત મુલાકાતે

નવી દિલ્હી,તા.૨૦

અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સ ૨૧ એપ્રિલથી ચાર દિવસની ભારત મુલાકાતે આવી રહ્યા છે. આ યાત્રામાં તેમની પત્ની ઉષા વેન્સ અને તેમના ત્રણ બાળકો પણ તેમની સાથે રહેશે. ઈટાલીની મુલાકાત લીધા પછી તે ભારત આવી રહ્યા છે. જેડી વેન્સ સોમવારે સવારે ૧૦ વાગ્યે દિલ્હીના પાલમ એરપોર્ટ પર લેન્ડ કરશે. આ પછી તેઓ અક્ષરધામ મંદિરની મુલાકાત લેશે અને પરંપરાગત ભારતીય હસ્તકલા જોવા માટે એક શોપિંગ કોમ્પ્લેક્સમાં પણ



જશે. આ મુલાકાત દરમિયાન જેડી વેન્સ પીએમ મોદી, વિદેશ મંત્રી એસ જયશંકર, એનએસએ અજિત ડોભાલ, વિદેશ સચિવ વિક્રમ મિશ્રી અને અમેરિકામાં ભારતીય રાજદૂત વિનય મોહન ક્વાત્રાને મળશે. પીએમ મોદી જેડી વેન્સ માટે રાત્રિભોજનનું આયોજન કરશે.

# કોડીનાર પોલીસે ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો સાથે એક શખ્સને ઝડપ્યો

કોડીનાર, તા.૨૦

કોડીનાર પોલીસે ભારતીય બનાવટના વિદેશી દારૂની ૨૦૧ બોટલ સાથે એક શખ્સને પકડી પાડી કાર્યવાહી હાથ ધરી છે. આ અંગે પોલીસને મળેલ બાતમીના આધારે મોટરસાયકલ રજી.નંબર GJ-૩૭-A-૬૯૬૯ ના ચાલક રવિભાઈ ભીમાભાઈ બાંભણીયાને રોકાવી તલાસી



લેતા તેની પાસેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની અલગ અલગ કંપનીની નાની મોટી કુલ બોટલ નંગ-૨૦૧ ની કુલ કિં.રૂા.૩૪,૦૮૪/- ગણી તથા મોટર સાયકલ નંગ-૦૧

**પોલીસે ૨૦૧ નંગ દારૂની બોટલો સાથે રૂ.૫૯,૦૮૪/-નો મુદ્દામાલ કબ્જે કર્યો**

ની કિં.રૂા. ૨૦,૦૦૦/- ગણી તથા મોબાઈલ નંગ-૦૧ ની કિં.રૂા.૫,૦૦૦/- ગણી કુલ કિં.રૂા.૫૯,૦૮૪/-નો પ્રોહી. મુદ્દામાલ કબ્જે કરી કોડીનાર પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# બંગાળમાં હિંસા મુદ્દે ઉનામાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવાયું

ઉના,તા.૨૦

ઉનામાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા પ્રાંત અધિકારીને વકફ કાયદાના વિરોધની આડમાં આખું બંગાળ હિંસાથી પીડિત છે તેવું આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું અને રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાની માગણી કરવામાં આવી હતી. આ આવેદનપત્રમાં રજૂઆત કરવામાં આવી હતી કે, વકફ કાયદાના વિરોધના નામે ૧૧ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ મુસ્લિમ ટોળા દ્વારા મુર્શિદાબાદમાં કરવામાં આવેલ હિંસક પ્રદર્શન સરકાર દ્વારા કાયદો બનાવવાના વિરોધમાં નહીં પરંતુ હિન્દુઓ




પરના હિંસક હુમલાના રૂપમાં હતું. જ્યારે આ કાયદો બનાવવામાં હિન્દુ સમાજની કોઈ ભૂમિકા નહોતી અને તે એક શુદ્ધ બંધારણીય પ્રક્રિયા હતી. આનો સ્પષ્ટ અર્થ એ છે કે વકફ માત્ર એક બહાનું હતું, વાસ્તવિક ઉદ્દેશ્ય મુર્શિદાબાદને હિંદુ શૂન્ય બનાવવાનો હતો. આ ઉન્મત્ત જેહાદી ટોળાએ હિંદુઓના ૨૦૦ થી વધુ ઘર તોડી નાખ્યા હતા. આ ઉપરાંત દુકાનો લૂંટી અને સળગાવી દેવામાં આવી હતી, સેંકડો હિંદુઓ ખરાબ રીતે ઘાયલ થયા અને ત્રણ નાગરિકોની નિર્દયતાથી હત્યા કરવામાં આવી હતી. પરિણામે અનેક હિંદુ પરિવારોએ મુર્શિદાબાદમાંથી સ્થળાંતર કરવું પડ્યું હતું. આ પરિસ્થિતિમાં બંગાળમાં રાષ્ટ્રપતિ શાસન લાદવું જોઈએ.

# સુત્રાપાડાના સોલાજ ગામે અંદાજે ૪૦,૪૬૮ ચો.મીટર જમીનનું દબાણ દુર કરાયું

ઉના, તા.૨૦

ગીર સોમનાથ જિલ્લામાં જિલ્લા કલેક્ટરની સૂચના અને માર્ગદર્શન હેઠળ દબાણ દુર કરવાની ઝૂંબેશ હાથ ધરવામાં આવી છે. ત્યારે સુત્રાપાડા તાલુકાના સોલાજ ગામે વહીવટી તંત્ર દ્વારા ગૌચર સર્વે નંબર-૧૮૩માં અંદાજે ૪૦,૪૬૮ ચો. મીટર જમીનનું દબાણ દુર કરવામાં આવ્યું હતું. જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહના માર્ગદર્શન હેઠળ આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી જેમાં કુલ અંદાજે રૂ.બે કરોડનું દબાણ દુર કરાયું હતું.



ગીર સોમનાથ જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાની સૂચના મુજબ જિલ્લામાં ટ્રાફિકને અવરોધરૂપ થતા દબાણો, સરકારી ગૌચરની જમીનમાં દબાણ તથા અનધિકૃત દબાણો દુર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ધોરાજી શહેરમાં પંખીઓ માટે પરબ, ફીડર અને માળાનું વિતરણ



તસ્વીર : નયન કુહાડીયા

ધોરાજી, તા.૨૦

ધોરાજીમાં એન.ડી. શાહ ફિટનેસ સેન્ટર અને જૈન જાગૃતિ સેન્ટર લેડીઝ વિંગ દ્વારા પક્ષીઓ માટે ૫૦૦ માટીના પાણીના પરબ, ૬૫ બર્ડ ફીડર અને ૨૦૦ ચકલીના માળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. જૈન જાગૃતિ લેડીઝ વિંગના પ્રમુખ સહિતના સભ્યો અને એન.ડી. શાહ ફિટનેસ સેન્ટરના પલ્લવીબેન ગામોટે સહયોગ આપ્યો હતો. અરહમ યુવા સેવા ગ્રુપ અને કરુણા ફાઉન્ડેશન દ્વારા વિનામૂલ્યે માળા આપવામાં આવ્યા હતા.

# દીવના ૨૨ માછીમારો પાક જેલમાંથી મુક્ત થતા પરિવારોમાં આનંદ છવાયો

ઉના, તા.૨૦

દીવના ૨૨ માછીમારો પાકિસ્તાનની જેલમાંથી મુક્ત થતાં તેમના પરિવારોમાં ખુશીની લહેર ફેલાઈ ગઈ છે. વણાંકબારા અને વાડી વિસ્તારના માછીમાર પરિવારોની મહિલાઓએ રાજ્યના મત્સ્યોદ્યોગ મંત્રી પુરુષોત્તમભાઈ સોલંકીનો આભાર માનવા ઊના ખાતે કોળી સેનાના જિલ્લા પ્રમુખની ઓફિસની મુલાકાત લીધી હતી. મહિલાઓએ મંત્રીની પુત્રી દીનાબેન બાંભણીયાને પુષ્પગુચ્છ અર્પણ કરી પોતાની લાગણી વ્યક્ત કરી હતી. અગાઉ



પરિવારોએ મંત્રી સમક્ષ રજૂઆત કરતાં તેમણે કેન્દ્ર સરકારમાં આ બાબતે રજૂઆત કરી હતી, જેના પરિણામે આ માછીમારોની મુક્તિ શક્ય બની. પરિવારોએ હજુ પણ પાકિસ્તાનની જેલમાં રહેલા માછીમારોની વહેલી મુક્તિની આશા વ્યક્ત કરી હતી. દીનાબેન બાંભણીયાએ માછીમાર પરિવારોનું સન્માન કર્યું હતું.

# ગીર સોમનાથ પોલીસની નશામાં અને બેફામ વાહનચાલકો સામે કડક કાર્યવાહી

ઉના, તા.૨૦

ગીર સોમનાથ જિલ્લા હાઈવે પોલીસ અને સુત્રાપાડા પોલીસે સંયુક્ત રીતે કોમ્બિંગ હાથ ધરીને કેફી પીણું પીને વાહન ચલાવતા, ગેરકાયદેસર LED લાઈટનો ઉપયોગ કરતા અને ભયજનક રીતે વધુ પેસેન્જરો ભરીને પુરઝડપે વાહન ચલાવતા કુલ ૬૨ વાહનચાલકો સામે કાયદેસરની કાર્યવાહી કરી છે. પોલીસે આ વાહનચાલકો પાસેથી રૂપિયા ૨૪,૯૦૦/- નો દંડ વસૂલ કર્યો છે. જૂનાગઢ રેન્જના આઈ.જી.પી. નીલેષ જાજડીયા અને ગીર સોમનાથના પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા તેમજ વેરાવળ



વિભાગના નાયબ પોલીસ અધિક્ષક વી.આર. ખેંગારના માર્ગદર્શન હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી હતી. ગંભીર અકસ્માતો અટકાવવા અને બેફામ વાહન ચલાવતા ટ્રક, ડમ્પર અને પેસેન્જર વાહનો સામે કડક પગલાં લેવા માટે પોલીસ દ્વારા આ ટ્રાફિક ડ્રાઈવનું આયોજન કરાયું હતું. આ ડ્રાઈવ દરમિયાન પુરઝડપે અને જોખમી રીતે વાહન ચલાવવા બદલ અનેક વાહનોને દંડવામાં આવ્યા હતા અને ડિટેઈન પણ કરવામાં આવ્યા હતા. ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરનારા ૭ મોટા વાહનોને પોલીસે સીઝ કર્યા છે. વધુમાં, નશાની હાલતમાં વાહન ચલાવતા ૪ વાહનચાલકો વિરુદ્ધ એમ.વી.એક્ટ કલમ-૧૮૫ હેઠળ ગુનાઓ દાખલ કરવામાં આવ્યા છે. જિલ્લા પોલીસ તંત્ર દ્વારા તમામ નાગરિકોને ટ્રાફિક નિયમોનું પાલન કરવા માટે અપીલ કરવામાં આવી છે.

# ધોરાજીની સેશન્સ અદાલતે વિદેશમાં નોકરીની લાલચ આપી છેતરપિંડી કરનારા આરોપીઓના જામીન રદ કર્યા

ધોરાજી, તા.૨૦

ધોરાજીની સેશન્સ અદાલતે વિદેશમાં નોકરી અપાવવાની લાલચ આપીને યુવાનોને છેતરવાના ચકચારી કેસમાં આરોપી રિઝવાન જીક્કરભાઈ કપડવંજી અને મેહુલ દીપકભાઈ રાજપોપટની રેગ્યુલર જામીન અરજી રદ કરી દીધી છે. ફરિયાદી સિદ્દીક જાફરમીયા સૈયદે નોંધાવેલી ફરિયાદ મુજબ, આરોપીઓએ તેમને બેંગકોકમાં નોકરી અપાવવાની લાલચ આપી રૂપિયા પડાવ્યા હતા અને ત્યાંથી ગેરકાયદેસર રીતે મ્યાનમાર બોર્ડર પર લઈ જઈ સાયબર ફ્રોડના કોલ કરવાની ફરજ પાડી હતી. પોલીસ ઈન્સ્પેક્ટર રવિ ગોધમે આ મામલે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી, જે એએસપી સિમરન ભારદ્વાજને સોંપવામાં આવી હતી. તેમણે ઈમિગ્રેશન એક્ટની કલમનો ઉમેરો કર્યો હતો અને એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટે અગાઉ બંને આરોપીઓની રેગ્યુલર જામીન અરજી રદ કરી હતી. આરોપીઓએ સેશન્સ કોર્ટમાં ફરીથી જામીન અરજી કરી હતી, જેનો વિરોધ કરતા તપાસ અધિકારીએ સોગંદનામું રજૂ કર્યું હતું અને પબ્લિક પ્રોસિક્યુટર કાર્તિકેય પારેખે દલીલો કરી હતી કે આરોપીઓએ આ ગુનો આર્થિક લાભ માટે પૂર્વઆયોજિત રીતે કર્યો છે, જે હ્યુમન ટ્રાફિકિંગ અને રાષ્ટ્રવ્યાપી નકારાત્મક પરિણામો લાવે તેવો ગંભીર ગુનો છે. જામીન પર છૂટવાથી તપાસ પર અસર થઈ શકે છે અને આરોપીઓ વિદેશ ભાગી જવાની શક્યતા છે. તમામ સંજોગોને ધ્યાનમાં લઈ એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ એ.એમ. શેઠે નોંધ્યું હતું કે આરોપીઓનું નામ પ્રથમ એફઆઈઆરમાં છે અને તેઓએ પૂર્વઆયોજિત ગુનાહિત કાવતરું રચી ગુનાને અંજામ આપ્યો છે. વિઝિટર વિઝા પર ભોગ બનનારને બોલાવી સારી નોકરીની લાલચ આપવામાં આવી હતી. આ તમામ હકીકતો જોતા કોર્ટે બંને આરોપીઓની જામીન અરજી રદ કરી હતી.

# ઓલિમ્પિકના આયોજન માટે આસારામ આશ્રમ સહિત ત્રણ આશ્રમોને ૧૪૦ એકર જમીન ખાલી કરવા કલેક્ટરની નોટિસ

અમદાવાદ,તા.૨૦



ગુજરાત સરકાર ૨૦૩૬ની ઓલિમ્પિક ગેમ્સનું આયોજન કરવા માટે બિડિંગની તૈયારીઓમાં ઝડપથી આગળ વધી રહી છે. આ ભવ્ય આયોજનના ભાગરૂપે, અમદાવાદના મોટેરા વિસ્તારમાં વિશ્વ-કક્ષાનું ઓલિમ્પિક સ્ટેડિયમ અને સંકુલ બનાવવાની યોજના ઘડાઈ છે. આ માટે જમીન સંપાદનની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે, અને અમદાવાદ જિલ્લા કલેક્ટરે મોટેરા ખાતેના ત્રણ આશ્રમો—આસારામ આશ્રમ, ભારતીય સેવા સમાજ અને સદાશિવ પ્રજ્ઞા મંડળને ૧૪૦ એકર જમીન ખાલી કરવા નોટિસ ફટકારી છે. ખાસ કરીને, આસારામ આશ્રમ પર સરકારી જમીન ગેરકાયદેસર રીતે પચાવી પાડવાનો અને ચેરિટેબલ ટ્રસ્ટની જમીનનો વ્યાપારી ઉપયોગ કરવાનો આરોપ મૂકાયો છે, જેના કારણે તેને વળતર નહીં આપવાનો સરકારનો મત છે. ગુજરાત સરકારે ઓલિમ્પિકના આયોજન માટે મોટેરા, સુઘડ, ભાટ અને કોટેશ્વર ગામોની કુલ ૬૫૦ એકર જમીન સંપાદિત કરવાનો માસ્ટર પ્લાન તૈયાર કર્યો છે. આ જમીન પર વિશાળ ઓલિમ્પિક સંકુલ બનાવવાની યોજના છે, જેમાં આધુનિક સ્ટેડિયમ, ખેલ સુવિધાઓ અને અન્ય સંલગ્ન માળખાગત સુવિધાઓનો સમાવેશ થશે.

# પશ્ચિમી વિક્ષેપને કારણે રાજ્યમાં ગરમીથી લોકોને આંશિક રાહત

અમદાવાદ,તા.૨૦



દક્ષિણ ગુજરાતમાં ગરમીનો પારો ઘટતાં વાતાવરણમાં ઠંડક જોવા મળી છે. હવામાન વિભાગે વંટોળની આગાહી કરી છે. પશ્ચિમી વિક્ષેપ અફઘાનિસ્તાન અને આસપાસના વિસ્તારોમાં સક્રિય હોવાથી જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખ માટે રેડ એલર્ટ જારી કર્યું છે. જ્યાં ૨૧ એપ્રિલે ભારે વરસાદ અને હિમવર્ષાની સાથે ૬૦-૭૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. દક્ષિણ ગુજરાત સિવાય તમામ જિલ્લાઓમાં ધૂળની ડમરીઓ ઉડશે. સતત બે દિવસ સુધી ધૂળની ડમરીઓ ઉડવાની શક્યતા રહેલી છે. આગામી ૭ દિવસ સુધી રાજ્યમાં હીટવેવની શક્યતા નહી હોવાથી લોકોને આંશિક રાહત મળશે. આગામી બે દિવસ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે. રવિવારે કંડલા સૌથી ગરમ શહેર રહ્યું હતું. અમદાવાદ શહેરમાં ૪૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. આગામી દિવસોમાં તાપમાનમાં ૨થી ૩ ડિગ્રીનો ઘટાડો થશે. દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમી અને ભેજવાળી સ્થિતિ રહેશે, એટલે કે ત્યાંનું હવામાન ગરમ અને ભેજવાળું રહેશે. માછીમારોને આજે સાવચેત રહેવાની ચેતવણી આપવામાં આવી છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં ૪૫ થી ૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે, જ્યારે પવનની મહત્તમ ગતિ ૬૦ કિમી પ્રતિ કલાક સુધી પહોંચવાની શક્યતા છે. આ સાથે એવું કહેવામાં આવ્યું હતું કે પશ્ચિમી ખલેલને કારણે પવનની દિશા બદલાશે અને ઠંડા પવનો ફૂંકાશે. પશ્ચિમી વિક્ષેપને કારણે દરિયાકાંઠાના વિસ્તારોમાં પવનની ગતિ વધવાની શક્યતા છે.

# ડીસા અગ્નિકાંડમાં ૧૫ દિવસ બાદ પણ સીટ રિપોર્ટ આપવામાં ઠાગાઠૈયા

પાલનપુર,તા.૨૦

બનાસકાંઠાના ડીસામાં ગેરકાયદેસર રીતે ચાલી રહેલી ફટાકડાની ફેક્ટરીમાં દારૂગોળામાં પ્રચંડ બ્લાસ્ટ થયો હતો. જેમાં ૨૦થી વધારે શ્રમિકોના મોત થયા હતા. આ દુર્ઘટનાની તટસ્થ તપાસ થાય અને ગુનેગારનો ચહેરો સામે આવે તે માટે સરકાર દ્વારા એસઆઈટીની રચના કરવામાં આવી છે. એસઆઈટીને ૧૫ દિવસમાં રિપોર્ટ સબમિટ કરવાનો આદેશ પણ કરાયો હતો. પરંતુ હવે સ્થિતિ એવી સર્જાઈ છે કે એસઆઈટીની રચનાના ૧૫ દિવસ બાદ પણ રિપોર્ટના ઠેકાણા નથી. તપાસ માત્ર કાગળ પર ચાલી રહી હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. ઉલ્લેખનીય છે કે દુર્ઘટના બાદ ૨ એપ્રિલે તપાસ માટે એસઆઈટીની રચના કરાઈ હતી. તો સૂત્રોનું માનીએ તો એસઆઈટીના રિપોર્ટમાં દુર્ઘટના પાછળ રાજકીય સંડોવણીનો પણ ખુલાસો થયો છે. મળતી માહિતી અનુસાર પિતા-પુત્રની રાજકીય સંડોવણી હોવાનું સામે આવ્યું છે. કદાચ આ જ કારણ હોઈ શકે કે એસઆઈટી રિપોર્ટ રજૂ કરતા પહેલા ફૂંકી ફૂંકીને છાશ પી રહી છે.

# રાજ્યના શહેરોમાં સુવિધાઓ વધારવા અને 'અર્નિંગ વેલ-લિવિંગ વેલ' મંત્ર સાકાર કરવા માટે મુખ્યમંત્રીએ કરી જાહેરાત

ગુજરાત,તા.૨૦



ગુજરાત સરકારે વર્ષ ૨૦૨૫ને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવવાનો સંકલ્પ કર્યો છે. આ અંતર્ગત શહેરોને સસ્ટેનેબલ અને એન્વાયરમેન્ટ ફ્રેન્ડલી સ્માર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને જનસુખાકારી સુવિધાઓથી નાગરિકોના 'અર્નિંગ વેલ-લિવિંગ વેલ'ને સાકાર કરવાનો વ્યૂહ અપનાવવામાં આવ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ સંદર્ભમાં રાજ્યની નવરચિત નવ મહાનગરપાલિકાઓ સહિત રાજ્યના નગરો-શહેરોમાં લોકહિતના કામોને વેગવંતા બનાવવા સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત રૂપિયા ૧૨૦૨.૭૫ કરોડના વિકાસ કામોને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

મુખ્યમંત્રીએ આ હેતુસર રાજ્યની નવરચિત ૮ મહાનગરપાલિકાઓમાં રોડ રસ્તા, ડ્રેનેજ, સ્ટ્રીટ લાઈટ, સેનિટેશન જેવા ભૌતિક આંતરમાળખાકીય સુવિધાના કામો ઉપરાંત આંગણવાડી, શાળાના મકાનો, લાઈબ્રેરી, અર્બન હેલ્થ સેન્ટર વગેરે સામાજિક આંતરમાળખાકીય સુવિધાના કામો માટે નાણાં ફાળવ્યા છે. આ ઉપરાંત, અર્બન મોબિલિટી, સિટી બ્યુટીફિકેશન, આગવી ઓળખના કામો, પાણી પુરવઠાના અને વરસાદી પાણીના નિકાલના કામો વગેરે કામો માટે રૂપિયા ૫૮૫.૮૩ કરોડના ખર્ચની સૈદ્ધાંતિક અનુમતી આપી છે.

# નર્મદાના પીપલોદ ગામમાં અઘટીત માંગ પૂરી ન કરતા ભત્રીજાએ કાકીની કરી હત્યા

નર્મદા,તા.૨૦

નર્મદાના પીપલોદ ગામમાં ૪૮ વર્ષીય મહિલાનું ગળું દબાવીને કાળજું કંપાવે તેવી હત્યા કરવામાં આવી છે. જો કે, આ હત્યાના આરોપીને પોલીસે ગણતરીના કલાકોમાં જ પકડી પાડ્યો હતો. કાર્યવાહી દરમિયાન જાણવા મળ્યું કે, આરોપીએ જેની હત્યા કરી તે તેની કાકી હતી. કાકી પાસેથી ભત્રીજાએ અઘટીત માંગણી કરી હતી. જો કે, ભત્રીજાની માંગણી કાકીએ ન સ્વીકારતા તેનું ગળું દબાવીને હત્યા કરી દેવામાં આવી હતી. આ ઘટના નર્મદા જિલ્લાના દેડિયાપાડા તાલુકાના પીપલોદ ગામમાં બની છે. મૃતક મહિલાનું નામ રમીલાબેન વસાવા છે અને તેમની લાશ પોતાના ઘરના આંગણામાં જ જોવા મળી હતી. મહિલાના ગળાના ભાગે ઈજાના નિશાન મળી આવતાં હત્યાની શંકા વ્યક્ત કરવામાં આવી હતી. મૃતકની પુત્રીએ ડેડીયાપાડા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી અને આરોપીને શોધવાની માંગ કરી હતી. આ ઘટના અંગે જાણ થતાં જ પોલીસે આગળની તપાસ હાથ ધરી હતી.

# ગોંડલ ખાતે અકસ્માતમાં મૃત્યુ પામેલા ચાર વ્યક્તિની અંતિમયાત્રા એક સાથે નીકળતા ભાવુક દ્રશ્યો સર્જાયા

ગોંડલ, તા.૨૦



તસવીર : ભોજાની દેવાંગ

રાજકોટ ભાવનગર હાઈવે પર અલ્ટો કાર અને હોન્ડા સીટી કાર સામસામી અથડાતા સર્જાયેલ અકસ્માતમાં અલ્ટો કાર અગનગોળો બની ગઈ હતી. અલ્ટો કારમાં ૮ લોકો સવાર હતા. જેમાં કારમાં સવાર ગોંડલનાં માતા પુત્રી સહિત ૪ લોકોના ઘટના સ્થળે મોત નિપજ્યા હતા. મૃતકોના પી.એમ. કરાયા બાદ મૃતદેહને પરિવાજનોને સોંપવામાં આવ્યા હતા. મૃતદેહો ગોંડલ પંહોચતા વિજયનગર શોકમગ્ન બની હિબકે ચડયુ હતું અને રુદનનો માહોલ સર્જાયો હતો. બપોરે ચારેયની અંતિમયાત્રા સાથે નીકળતા ભાવુક દ્રશ્યો જોવા મળ્યા હતી. જ્યારે સ્મશાનમાં માતા નિરુપાબેન તથા તેમની ચાર વર્ષની માસુમ પુત્રી હેતવીને એક જ ચિતા પર અગ્નિદાહ અપાયો ત્યારે પાષાણ હૃદયનાં માનવીનું હેયુ રડી પડે તેમ તમામની આંખો ભીની થઈ હતી. અકસ્માતમાં આગની લપેટમાં હોમાયેલા હિમાંશીબેનનાં લગ્ન હજુ બે મહિના પહેલા ફેબ્રુઆરીમાં શાહીલભાઈ સરવૈયા સાથે થયા હતા.

# ગોંડલમાં ચકચારી હનીટ્રેપ કેસમાં પદ્મિનીબા સહિત ૪ આરોપીની ધરપકડ

રાજકોટ,તા.૨૦



ગોંડલમાં ચકચારી હનીટ્રેપ કેસમાં પોલીસ એક્શનમાં આવી છે. પોલીસે પદ્મિનીબા સહિત ૪ લોકોની ધરપકડ કરી છે. જો કે મુખ્ય આરોપી તેજલ છૈયા પોલીસ પકડથી દૂર છે. પોલીસે પદ્મિનીબા ઉપરાંત સત્યજીતસિંહ વાળા, શ્યામ રાયચુરા અને હિરેન દેવડીયાની ધરપકડ કરી છે. આરોપ છે કે આ લોકોએ રમેશ અમરેલીયા નામના ૬૦ વર્ષીય વૃદ્ધને હનીટ્રેપમાં ફસાવી લાખો રૂપિયાની માગ કરી હતી. ગોંડલ પોલીસે પદ્મિનીબા વાળાની સખ્ત પૂછપરછ શરૂ કરી છે. તેજલ છૈયા નામની યુવતી દ્વારા ગોંડલના ૬૦ વર્ષીય નિવૃત્ત વ્યક્તિને પ્રેમજાળમાં ફસાવવામાં આવ્યો હતો. આરોપીઓએ આ વ્યક્તિને અવારનવાર વીડિયો કોલ તથા વોટ્સએપ કોલથી વાતચીત કરી હતી. આ યુવતીએ વીડિયો કોલમાં પોતાના શરીરનો કેટલોક ભાગ બતાવી આ વ્યક્તિને ફસાવ્યો હતો. ત્યાર બાદ તેની સામે બળજબરીપૂર્વક પૈસા માંગવામાં આવ્યા હતાં તેવો આરોપ છે. પદ્મિનીબા વાળા સામે આરોપ છે કે તેમણે આ દીકરી સાથે આવું કેમ કર્યું કહી ફરિયાદીને રોડ વચ્ચે કપડા કાઢી માર મારવાની અને મકાન પડાવી દેવાની ધમકી આપી હતી.

# અમદાવાદમાં ૩૧ અશાંત વિસ્તારમાં મિલકત ખરીદવા માટે ૮૧૭ અરજીઓ મંજૂર કરાઈ

અમદાવાદ,તા.૨૦



અમદાવાદ શહેરમાં હિંદુઓ પાસેથી મિલકત ખરીદવા મુસ્લિમોએ ૧૩૨૯ અરજીઓ છેલ્લા ૨૦૨૦-૨૪માં કરી હતી, જેની ૮૧૭ અરજીઓ મંજૂર કરવામાં આવી હતી અને ૫૧૨ અરજીઓ નામંજૂર કરાઈ હતી. અમદાવાદમાં ૩૧ વિસ્તારોમાં ૧૧૭૧ જગ્યાઓને અશાંત ધારા હેઠળ મૂકાઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર પૂર્વ અને પશ્ચિમ અમદાવાદ શહેરમાં વિવિધ કારણોસર ૫૧૨ અરજીઓ નામંજૂર કરાઈ હતી. જો મુસ્લિમોએ હિંદુઓ પાસેથી મિલકત (ઘર કે દુકાન) ખરીદવી હોય તો કલેક્ટર કચેરીએથી મંજૂરી લીધા બાદ નામે થઈ શકે છે. નહીંતર સોદો રદ થાય છે, તેમજ કોઈ દબાણ કે ઓછી જંત્રીનાં આધારે વેચાણ ન થતું હોય વગેરેની ચકાસણી કરાય છે.

# સુરતમાં બાળમજૂરીના રેકેટનો પર્દાફાશ

સુરત, તા.૨૦




સુરત શહેરમાં બાળમજૂરીના રેકેટનો પર્દાફાશ થયો છે. રાજસ્થાનના ઉદેપુર જિલ્લાના અંતરિયાળ ગામેથી ૭ વર્ષના બાળકથી લઈ ૧૭ વર્ષ સુધીના સગીરોને પુણાની બિલનાથ સોસાયટીમાં ગોંધી રાખી બાળમજૂરી કરાવવામાં આવતી હોવાની વાત સામે આવી છે. પોલીસે કુલ ૩ બાળક અને ૨ સગીરને બાળમજૂરીમાંથી મુક્ત કરાવ્યા છે. આ બાળમજૂરો પાસે સાડીના કારખાનામાં સવારના ૫ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધી સતત ૧૭ કલાક સુધી કામ કરાવાતું હતું. કામથી અને શેઠના મારથી ત્રાસીને બે બાળક હિંમત કરીને ભાગી પોલીસ સ્ટેશન પહોંચી ગયા હતા. જે બાદ પોલીસે તેમની પૂછપરછ કરી હતી. સમગ્ર વિગત મળ્યાં બાદ બે દિવસ સુધી બાળકોને સાથે રાખી પગપાળા ચાલીને કારખાનું શોધી અન્ય એક બાળક અને બે સગીરને કારખાનેદારની ચુંગાલમાંથી મુક્ત કરાવ્યા હતા. મળતી માહિતી પ્રમાણે, ગોડાદરા પોલીસ મથકે ૧૮ એપ્રિલની રાત્રે સાત-સાત વર્ષની વયનાં બે બાળક આવી ચઢ્યા હતા. ગભરાયેલા લાગતા આ બંને બાળકની પોલીસે પૂછપરછ કરતા તેઓ રાજસ્થાનના ઉદેપુર જિલ્લાના ગામના હોવાનું જણાવ્યું હતું. તેઓને ગામડેથી લાવી સુરતમાં સાડીની ગડી વાળવાના કારખાનામાં ગોંધી રાખી સતત ૧૭ કલાક કાળી મજૂરી કરાવવામાં આવતી હોવાનો પણ પોલીસ સમક્ષ ચોંકાવનારો ખુલાસો કર્યો હતો. બાદમાં ગોડાદરા પોલીસે બંને બાળકોને કતારગામમાં આવેલા ચાઈલ્ડ વેલ્ફેર સેન્ટરમાં મોકલી આપ્યા હતા.







